આ સર્વ સુમધુર
પુષ્પોની સુવાસ એટલેજ...

# અધ્યાત્મ

વર્ષ : ૧૯
ફેબ્રુઆરી–૧૯૯૮
અંક : ૫

પ્રેમ

શ્રધ્ધા

ભક્તિ

પ્રભુકૃપા

ધર્મ

યોગ

સાધના

સત્સંગ

Summit

## * આસનસિદ્ધિ માટે બળજબરી ના કરો *

કેટલાક સાધકો આસન પર લાંબા વખત લગી બેસી રહેવાને માટે બળજબરી પ્રયાસ કરે છે. એવો પ્રયાસ પણ બહુ મદદરૂપ નહિ થઈ શકે. જે કાંઈ કરવાનું છે તે ઉતાવળથી કે બળજબરીથી નહિ પણ ધીરે ધીરે, ક્રમે ક્રમે, પ્રસન્નતાપૂર્વક ને શાંતિથી કરવાનું છે. એટલે આસનની સિદ્ધિ માટે પણ બળજબરી કરવાની જરૂર નથી. પગ દુઃખે ત્યારે પગને થોડી વાર લાંબો કરવો ને પદ્માસન જેવું આસન ચાલુ હોય તો તેને ખોલી નાંખવું. દુઃખાવો કે થાક દૂર થાય એટલે આસન પાછું ચાલુ કરવું. એ રીતે કરવાથી થોડીક રાહત મળશે ને શરીર ધીરે ધીરે કેળવાતું જશે. આસન કરતી વખતે એક બીજી વાત પણ યાદ રાખવાની છે. જમીન પર ગાદી કે કોઈ સ્વચ્છ જાડું કપડું રાખીને તેના પર બેસવાથી પગ જલદી નહિ દુઃખે ને લાંબા વખત લગી સુખપૂર્વક બેસી શકાશે. આ સૂચના ખાસ કરીને શરૂઆતના સાધકોને માટે જ છે. આગળ વધેલા અભ્યાસી સાધકો તો નીચે કાંઈ પણ પાથર્યા વિના ખુલ્લી જમીન પર બેસીને પણ આગળ વધી શકશે.

એટલે, આસનની સિદ્ધિ સહજ રીતે જ થવા દેવી ને તે માટે પોતાની જાત સાથે કોઈ જાતની બળજબરી ના કરવી તેને પ્રયત્નની શિથિલતા કહે છે.

યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૫૬૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| અવતારવરિષ્ઠ શ્રીરામકૃષ્ણ | શ્રી યશસ્વીભાઇ ય. મહેતા | ૯ |
| મૃત્યુનીય મ્હેંક | ગોરધનભાઈ કલોલા (કલ્યાણ) | ૧૫ |
| પૂ. માને | દક્ષેશ કોન્ટ્રેક્ટર (ચાતક) | ૩૧ |
| મને આ.... | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૩૨ |
| શ્રદ્ધાંજલિઓ | તંત્રી | ૩૩ |
| યાત્રા—પરમ સંગાથે | સુરેશ શાહ—કેનેડા | ૩૫ |
| રામકૃષ્ણ પરમહંસની આધ્યાત્મિક દૃષ્ટિવિચારણા | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૪૨ |
| પોલ બ્રન્ટનની મહર્ષિ સાથેની મુલાકાત | યોગેશ્વર | ૫૧ |
| શાંતિનાથ | સ્વામી કૃષ્ણાનંદ | ૫૭ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૯ ફેબ્રુઆરી—૧૯૯૮ અંક : ૫


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૨૩—૬—૮૧, મંગળવાર, જેઠ વદ છઠ, ૨૦૩૭**

**સ્થળ : માઉન્ટ આબુ, વિહાર હોટેલ, રૂમ નં. ૭.**

સવારે ૮ થી ૧૦ બહાર જપપ્રાર્થના કરવા સર્વેશ્વરી જાય છે. ત્યાંથી આવીને ભોજન બાદ માતાજીની લકવાની માંદગીની વાતો થાય છે. ત્યારબાદ આરામ.

સાંજે થોડો નાસ્તો લઇ પૂ. શ્રી ધ્યાન—પ્રાર્થનામાં બેઠા છે. સર્વેશ્વરી ડાયરી લેખન કરી વાચન કરે છે. આજે પૂ. શ્રી સાંજનું લેખન બંધ રાખે છે. આજે થોડી વાતો થાય છે. ત્યારબાદ નખી-તળાવ તરફ પૂ. શ્રી સાથે સૌ ફરવા જાય છે.

એક ખાદીધારી વૃદ્ધ પુરુષ પૂ. શ્રીની આગળથી પસાર થઇ આગળ જતા હોય છે, તે પાછા વળીને પૂ. શ્રીને નમસ્કાર કરી

ઊભા રહે છે. પૂ. શ્રી પૂછે છે, ક્યાંથી આવ્યા, શું કરો છો? ક્યાં ઊતર્યાં છો? એ વૃદ્ધ પુરુષ અજાણ્યા છે એટલે પૂ. શ્રી સામાન્ય રીતે આવા જ પ્રશ્નો પૂછે છે.

**વૃદ્ધ પુરુષ** : ગઇકાલે જ આવ્યો છું. લાયબ્રેરીયન તરીકે કાર્ય કરતો હતો. પર્વતારોહણ સંસ્થામાં ઉતર્યો છું. તમારી પાસેથી પસાર થઇ ગયો પણ તમારી આંખમાં મને રામકૃષ્ણદેવનાં દર્શન થયાં જેથી હું પાછો ફર્યો. હું રામકૃષ્ણદેવનો ભક્ત છું. તમારું મેં એક પ્રવચન સાંભળેલું ત્યારે પણ મને તમારી આંખમાં ઠાકુર દેખાયેલાં તે જ આંખ આજે પણ યાદ આવી ને ઠાકુર જ દેખાયા. આજે તમારી આંખના આલિંગને મને પાછો વાળ્યો.

પૂ. શ્રીએ અમને કહ્યું, આ ભાઇ રામકૃષ્ણદેવના ભક્ત છે એ રીતે ઓળખાણ આપી એટલે થોડી ઠાકુરની વાતો કરી. તે ભાઇ નીચે નમી પ્રણામ કરી વિદાય લેવા ઊભા રહ્યા.

**પૂ. શ્રી** : ફરી મળીશું. અમે આ મેદાનમાં સાંજે બેસીએ છીએ. વળી કોઇકવાર નખીતળાવ પર પણ આવીએ છીએ.

તે ભાઇને ઉતાવળ હોવાથી ઝડપભેર આગળ ચાલવા લાગ્યા. એટલે કે વિદાય લીધી. શ્રી કલ્યાણ તેમને દોડતા જઇને કહેવા લાગ્યા કે તમારે પૂ. શ્રીનાં પુસ્તકો વાંચવા હોય તો અમારી પાસે છે.

**તે ભાઇ** : 'હાલ હું કથામૃત વાંચુ છું. મેં તેમની આત્મ-કથા–પ્રકાશના પંથે–છે તે સાંભળ્યું છે. હું પછી તે જ વાંચવાનો છું. મારા મિત્ર પાસે છે. ઠાકુર ને એમનું (પૂ. શ્રીનું) ઘણું ઘણું મળતું આવે છે. એમના વિષે વધારે બોલવું એ ઠીક નથી.'–એમ કહી તે ભાઇ શ્રી કલ્યાણ પાસેથી વિદાય થયા.



આ વાતચીત ચાલતાં ચાલતાં જ થઇ હતી. મેદાનના બહાર-ના ચઢાણથી શરૂ થયેલી વાત વિવેકાનંદ બાગ સુધી ચાલુ જ રહી. તે ભાઇ છૂટા પડયા પછી પૂ. શ્રીએ થોડાં ગંભીર સૂચનો કર્યાં.

ત્યારબાદ ફરતાં ફરતાં અમે બાગમાં બેઠાં ત્યાં પૂ. શ્રીએ કહ્યું : કોઇ પણ વ્યક્તિ આપણને મળે તો તેનો તિરસ્કાર પણ ન કરવો, તેમ ખૂબ આસક્તિ પણ ન બતાવવી. ક્યારે કેવા કેવા આત્માઓ મળી જાય છે તે ખબર જ નથી પડતી.

થોડીવાર શાંતિથી બેઠા. પૂ. શ્રીની વાતો સૌ સાંભળતા હતાં. એટલે સર્વેશ્વરી પૂછે છે :

**સર્વેશ્વરી** : આ સામે પહાડ દેખાય છે તે પહાડ ઉપર ભગવાન દર્શન દેશે એવી કલ્પના કરીએ તો ચાલે? તો દર્શન આપે ખરાં?

**પૂ. શ્રી** : પહેલી વાત એ છે કે તમે એમ વિચારો કે આ પહાડના રૂપમાં પ્રભુ જ છે–ઊંચી ડોક કરીને નખીતળાવનાં દૃશ્યને જોઇ રહ્યા છે. આ ખીલેલાં ફૂલો પ્રભુનાં જ રૂપો છે. તેને મનોમન પ્રણામ કરો.

**સર્વેશ્વરી** : તો પછી મંત્રજપની જરૂર નથી? આંખ મીંચવા-ની જરૂર નથી?

**પૂ. શ્રી** : ના, સર્વત્ર પ્રભુદર્શનની ટેવ પાડો. વિવિધરૂપે બિરાજેલા પ્રભુનાં દર્શન કરવાની ટેવ પાડો ને આંખ મીંચો તો તમારામાં રહેલી શક્તિ એ પ્રભુનું જ રૂપ છે એમ માનો.

**સર્વેશ્વરી** : ફૂલ, પર્વત પ્રભુનાં રૂપ છે તો આપ પણ પ્રભુના જ રૂપ છો એમ માનીએ તો ચાલેને!

**પૂ. શ્રી** : તમે માનો તો ચાલે.

સર્વેશ્વરી : અમે એ રીતે આપને પૂજ્યભાવે જોઇએ છીએ, પણ ઘણીવાર ભૂલી જઇએ છીએ તેનું શું?

પૂ. શ્રી : યાદ રાખો. વારંવાર યાદ કરો.

પૂ. શ્રી વિજભાઈને કહે છે, ગઇકાલનાં ભજનો બાકી છે. બે ભજનો ગાઓ. આથી વિજયભાઇ બ્રહ્માનંદનું એક ભજન સંભળાવે છે. ત્યારબાદ પૂ. શ્રી સાથે સૌ ધ્યાનમાં બેસે છે. ધ્યાન બાદ ફરીથી ઉતારા પર આવી જવાનું બને છે.

ખીચડી કઢીનું ભોજન લઇને પેપર પર પૂ. શ્રી નજર નાંખે છે. સર્વેશ્વરી ડાયરી લેખન કરી આરામ કરે છે.

**તા. ૨૪–૬–૮૧, બુધવાર, જેઠ વદ સાતમ, ૨૦૩૭**

**સ્થળ : માઉન્ટ આબુ, વિહાર હોટેલ, રૂમ નં. ૭.**

પૂ. શ્રીનો આ ઉતારો જરા ખુલ્લો છે. એક રૂમ આગળ, પાછળ ખુલ્લી જગ્યા. એક તરફ પહાડ છે તો બીજી તરફ પોલીસ સ્ટેશનનો સુંદર વૃક્ષોનો સમૂહ છે. આ વિસ્તાર એકંદરે શાંત છે. હોટલનો રૂમ છે પણ સ્વતંત્ર છે, જેથી કોઇની અવરજવર રહેતી નથી. શાંતિ છે. કારણ આ રૂમ માળ ઉપર છે. તેની પાસેનો એક રૂમ છે તે ખાનગી છે. અમદાવાદના એક ભાઇની તે જગા છે. બીજી તરફ ખુલ્લી જગ્યા છે.

પૂ. શ્રીના રૂમની નીચે જ નટરાજ હોટલના બે સ્વતંત્ર રૂમો આવેલા છે, જેમાંના એક રૂમમાં શ્રી કલ્યાણ ને શ્રી વિજયભાઇ રહે છે.

અહીં ખૂબ ખૂબ શાંતિ છે. રેડિયાના કે માનવમહેરામણના કોલાહલથી આ સ્થાન દૂર છે. એટલે અહીં હોટલમાં રહીએ છીએ એવું નથી લાગતું.



સવારે આઠ વાગ્યે સર્વેશ્વરી મૌન રાખી જપધ્યાન પ્રાર્થના માટે બાગમાં જાય છે. લગભગ ૧૦–૪૫ ફરી ઉતારા પર આવે છે.

પૂ. શ્રીનાં કપડાં દરરોજ શ્રી કલ્યાણ આગ્રહ કરીને ધોવા લઇ જાય છે. આજે પૂ. શ્રીએ જાતે જ કપડાં ધોઇ નાંખીને પલંગ પર ને ટેબલ પર સૂકવ્યાં હતાં. સર્વેશ્વરી ૧૦–૪૫ વાગ્યે જેવાં ઓરડામાં દાખલ થાય છે ત્યાં જ કપડાં જોઇને આશ્ચર્ય અનુભવે છે.

પૂ. શ્રી : કપડાં ધોવાનું ભૂલી ન જવાય તેથી આજે ધોઇ નાંખ્યાં. વળી બીજી થોડી વાતો કરી. સમયસર ભોજન લેવામાં આવે છે. આજે ભોજન રૂમ પર જ થાય છે. આજે ભોજન દરમ્યાન પૂ. શ્રીએ ખૂબ ખૂબ ગમ્મત કરીને રમૂજ પીરસી.

ભોજનબાદ થોડું ફરવા ગયા. વાતાવરણ ઠંડુ હતું. ત્યારબાદ આરામ. થોડું લેખનકાર્ય થયું. સાંજેછ વાગ્યે ફરી દ્વાર ખૂલી જાય છે.

રામલીલાની વાતો નીકળી છે. તે વાતો બાદ પૂ. શ્રી સાથે ફરવા જવાનું બન્યું. બજારની વચ્ચે ગિરિરાજ ભોજનાલયના માલિક શ્રી ભગવાનદાસ પ્રભુદાસ ઠક્કર પૂ. શ્રીને માર્ગમાં પ્રણામ કરે છે. તેમના ભોજનાલયમાં જાય છે. ત્યાં થોડ્રી વાતો થાય છે. પૂ. શ્રીને કશુંક લેવા આગ્રહ કરે છે. પણ પૂ. શ્રી ના પાડે છે. ત્યાંથી થોડું ફરી મેદાનમાં ધ્યાનમાં બેસીને ઉતારા પર આવી નાસ્તો કરી આરામ કર્યો.

**તા. ૨૫–૬–૮૧, ગુરુવાર, જેઠ વદ આઠમ, ૨૦૩૭**

**સ્થળ : માઉન્ટ આબુ, વિહાર હોટેલ, રૂમ નં. ૭.**

સવારે ૮ થી ૧૦ સર્વેશ્વરી મૌન રાખી ફરવા જાય છે. આજે વાતાવરણ ખૂબ જ ધુમ્મસવાળું હતું. ધીમો ધીમો વરસાદ પણ ચાલુ હતો. નખીતળાવના બાગના બાંકડા ભીના હતા, જેથી

નખીતળાવની ફરતે જ એક આંટો માર્યો. વચ્ચે થોડું બેઠાં. પૂ. શ્રીએ આજે પણ કપડાં ધોઈ નાંખ્યાં હતાં.

ઉતારા પર આવતાં ૧૦–૩૦ થઈ ગયા. સાંઈબાબાની સ્તુતિ બોલવામાં આવી. ત્યારબાદ થોડું લેખન થયું. લેખનબાદ સાડા અગિયારે દ્વાર ખોલ્યું. ભોજનની થાળી પૂ. શ્રીની ઈચ્છાથી રૂમ પર લાવવાની યોજના અમલમાં મૂકાઇ, જેથી શ્રી વિજયભાઈ ને શ્રી કલ્યાણ બંને થાળી માટે ગયા. ત્યાં શ્રી ગિરિરાજ ભોજનાલય-વાળા ભાઈ ચાર–પાંચ વ્યક્તિને દર્શન માટે લઇ આવે છે, જેઓ ઊંઝાના છે. પૂ. શ્રી એમની સાથે ૨૦ મિનિટ વાતો કરે છે. જેમાં માતાજીની, અધ્યાત્મની, બીજી પુસ્તકોની ચર્ચાનો સમાવેશ થાય છે.

ભોજનની થાળી વિજયભાઈ પુરોહિત હોવાથી તે જ લાવે છે. પૂ. શ્રી ભોજન લે છે. ભોજનબાદ કાવ્યમય શૈલીમાં શ્રી જે. વી. શાહને એક પત્ર લખાવે છે, જેમાં એક મોક્ષરતા નામની જૈન સાધ્વીના પ્રશ્નોના ઉત્તરો પણ પૂ. શ્રી લખાવે છે. ત્યારબાદ આરામ.

શ્રી ગિરિરાજ હોટેલવાળા શ્રી ભગવાનભાઈ ખૂબ સેવાભાવી ને શ્રદ્ધાળુ જણાયા. કોઈ સીધા પરિચય કે વાતચીત વિના તેઓ પૂ. શ્રી માટે ઓચિંતા આદરભાવ બતાવતા થાય છે. એ જોઈને સાચે જ આશ્ચર્ય ને આનંદ થાય છે.

સાંજે ૬ થી ૭ થોડું ફરવા ગયા. થોડું મેદાનમાં બેઠા પણ વરસાદી વાતાવરણને લીધે ઉતારા પર આવી ગયા. ઉતારા પર આવી સૌ દૂધ ગરમ કરી ધ્યાનમાં બેઠા. ત્યારબાદ દૂધ પીને આરામ કર્યો. સવારે જીપમાં અંબાજી જવાનું નક્કી થયું. એક પેસેન્જરના ૧૨/– રૂ. પ્રમાણે ૬૦/– રૂ. આપવાના રહેશે. પરિણામે સારી રીતે બેસીને માઉન્ટ આબુથી અંબાજી જઈ શકાશે. હરિઃ ૐ.

(ક્રમશઃ)



# અવતારવરિષ્ઠ શ્રીરામકૃષ્ણ

શ્રી યશસ્વીભાઈ પ. મહેતા

[પરમહંસ દેવ શ્રી રામકૃષ્ણનો જન્મ ફેબ્રુઆરીમાં થયો હતો. તેથી તેઓશ્રીની પ્રેમાંજલિરૂપે આ લેખ મૂક્યો છે. —તંત્રી]

એક શિષ્ય સાથેના વાર્તાલાપ દરમ્યાન જ સ્વામી વિવેકાનંદે પોતાના ગુરુદેવ શ્રી રામકૃષ્ણ પરમહંસને શ્રદ્ધાંજલિ અર્પતો નીચેનો શીઘ્ર શ્લોક અંતઃપ્રેરણાદ્વારા બનાવ્યો હતો.

ॐ स्थापकाय च धर्मस्य सर्वधर्म स्वरूपिणे।
अवतार वरीष्ठाय रामकृष्णाय नमो नमः ॥

રામકૃષ્ણદેવનું મહાન લીલાચરિત્ર આલેખનાર સ્વામી શારદાનંદજીએ તેમને અંજલિ આપતાં લખ્યું :

ॐ सर्वधर्मस्थापकत्वं सर्वधर्मस्वरूपिणे।
आचार्याणाम् महाचार्यो रामकृष्णाय ते नमः ॥

રામકૃષ્ણદેવ સર્વધર્મોની જીવંત પ્રતિમા, મૂર્તિ હતા. તે માત્ર એક જ ધર્મની નહિ, વિશ્વના બધા જ ધર્મોના સાક્ષાત્ સ્વરૂપ સમાન હતા. વિશ્વના કોઈ એક જ ધર્મની નહિ બધા જ પ્રમુખ ધર્મો હિંદુ, ઇસાઇ, મુસ્લિમ, બુદ્ધ, તંત્રો વગેરેની સાધના કરી, એક જ પરમ સત્યનો સાક્ષાત્કાર કર્યો. અને પોતાને ગ્રામીણ, સરલ–કદાચ થોડી અણઘડ–પરિભાષામાં કહ્યું. ગંગાનદી હિમાલયમાંથી નીકળી ઠેઠ ગંગાસાગર પહોંચે. જુદી જુદી જગ્યાએ એક એક ઘાટ કોઈ એક ઉપર હિંદુ બેસી ગંગાનું પવિત્ર જળપાન કરી તેને વારિ કહે, જળ કહે. બીજા ઘાટ ઉપર મુસ્લિમ

બેસી તે જ જલ પીએ અને કહે : પાણી. ત્રીજા ઘાટે અંગ્રેજ એ જ પાણી પીને કહે વોટર. ચોથા ઘાટપર યુરોપીયન બેસીને કહે એકવા. બધા એક જ પાણી પીએ છે, ભલે તેનાં નામ અનેક. આમ ઈશ્વર એક જ છે. તેના નામ અનંત છે.

ઈશ્વર છે? આ પ્રશ્ન સનાતન છે. સનાતનકાળથી પૂછાતો આવ્યો છે અને માનવજાતમાં જન્મ લેનાર પ્રત્યેક શિશુને વયસ્ક થતાં આ પ્રશ્ન થાય છે ને તેનો જવાબ શોધવા સનાતનકાળ સુધી મથ્યા કરે છે. ભાવિ વિવેકાનંદે–નરેન્દ્રનાથે આ પ્રશ્નનો જવાબ મેળવવા કેટલાય મહાપુરુષોના આલયોનાં પગથિયાં ઘસી નાંખેલાં. રવિન્દ્રનાથ ટાગોરના દાદા મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોર પાસે ય ગયેલા. તેમને વેદ–વેદાંતના વિવેચનની કે તેની રુચાઓની જરૂર ન હતી. તે સ્પષ્ટ જવાબ માગતા. 'હા, તો તમે તેને જોયો છે? જોયો હોય તો તમે મને બતાવી શકો ખરા?'

તેનો સ્પષ્ટ ઉત્તર, ગળું ખોંખારીને એક પરમહંસે આપ્યો : તે હતા રામકૃષ્ણ. **પ્ર.** : ઈશ્વર છે? **જ.** : અવશ્ય છે જ. **પ્ર.** : તમે તેને જોયો છે? **જ.** : જોયો નહિ, જોઉં જ છું. સૌને એક માત્ર સંસાર દેખાય છે ને ઈશ્વર દેખાતો નથી, મને એક માત્ર ઈશ્વર દેખાય છે ને સંસાર દેખાતો નથી. **પ્ર.** : તમે તેને બતાવી શકો? **જ.** : કેમ નહિ? અવશ્ય. ભૂખ લાગે તો ભોજન પીરસેલું મળે. પણ અનુભવ, જાતે કરવો પડે. પૂછો કે, દૂધ છે? તમે જાણ્યું કે હા. દૂધ છે. આ છે માત્ર બોધ. કોઈ દૂધ બતાવી તે, તમે દૂધ જુઓ છો તે છે દર્શન, જ્ઞાન. તમે દૂધ પીને રૃષ્ટપુષ્ટ બનો છો તે છે વિજ્ઞાન, વિશિષ્ટ જ્ઞાન. તેને પૂર્ણ સાક્ષાત્કાર કહેવાય.

આવા રામકૃષ્ણને મળવા નરેન્દ્ર(ભાવિ વિવેકાનંદ)ને તેના અંગ્રેજ પ્રિન્સિપાલે ભલામણ કરી. Ecstacy પરમ આનંદ શું



કહેવાય તે જોવું હોય તો જાઓ દક્ષિણેશ્વરમાં, કાલીમાના પૂજારી રામકૃષ્ણને જોઈ આવજો. નરેન્દ્ર કહે : એ કાલીની મૂર્તિની પૂજા કરે છે? પાગલ. તેને મળવા જવાતું હશે? અંગ્રેજ પ્રિન્સીપાલનું ય ફરી ગયું લાગે છે!

સમજવા જેવું છે કે ભાવિ શિષ્ય ગુરુને મળવા જવાની દરકાર કરતો નથી. ત્યારે કરુણાસાગર રામકૃષ્ણ તેને સામે ચાલીને મળવા જાય છે. કેવી રીતે? નરેન્દ્રના ઘર પાસે રહેતા એક ભક્ત સુરેન્દ્રનાથને ઘેર પધરામણી કરીને. બાજુમાં નરેન્દ્ર રહે છે. તેમના મિત્રનો પુત્ર હજુ ઉંમર ૨૧ વર્ષની છે. કોલેજિયન યુવક છે. પશ્ચિમના ફિલસૂફોના ગ્રંથોનો ઊંડો અભ્યાસી છે. બ્રાહ્મોસમાજની મૂર્તિપૂજા વિરોધી વિચારસરણી જ સાચી છે એમ માને છે. સુરેન્દ્રએ ભજન ગાવા આ યુવક નરેન્દ્રને બોલાવ્યો. રામકૃષ્ણદેવની સામે જ બેસી તેણે ભજન ગાયું. આ હતું નરનું નારાયણ સાથેનું પ્રથમ મિલન. જેને નરેન્દ્ર પ્રારંભમાં પાગલ પૂજારી કહેતો હતો, તે જ ભવિષ્યમાં તેને અવતારવરિષ્ઠ કહેવાનો હતો તેની કલ્પના કોઈને ન હતી.

રામકૃષ્ણનું જીવન તો સતત સનાતનકાળથી વહેતી પવિત્ર ગંગાનદી જેવું છે. તમે નિત્ય નવીન આનંદ–ગંગાના પ્રવાહમાં સ્નાન કરો, તેનું જલ પીઓ, તેમાં ડૂબકી મારો, તેમાં તર્યા કરો. તેનો કોઈ અંત નથી. આવા રામકૃષ્ણે કામારપુકુરના એક ઘાસના ઝૂંપડામાં જન્મ લીધો. કેમ? કારણ, હવે પછીના યુગમાં ગામડાંનું મહત્ત્વ સર્વોપરી બનવાનો તે નિર્દેશ કે સંકેત કરે છે. તેમણે અક્ષરજ્ઞાનથી આગળ ભણવાનો ઇન્કાર કર્યો. કેમ? એ વખતથી માંડી આજસુધીની પ્રચલિત શિક્ષણ–પ્રણાલિકાનું મહત્ત્વ ઘટશે તેવું તે સૂચિત કરે છે. તેમણે તદ્દન સાદો વેશ, એક ધોતિયાને

શરીર પર વીંટીને પહેરવાની પદ્ધતિ અપનાવી. કારણ, તેઓ કરોડો અગણિત ગરીબ લોકોના સાચા પ્રતિનિધિ બનીને આવ્યા હતા. તેમણે કહ્યું : ભક્તોને કોઇ નાત–જાત નથી. તે બધા એક જ જ્ઞાતિ-ના ગણાય પછી ભલે જન્મજાત તે અન્ય જ્ઞાતિના હોય! નાત–જાતના પ્રચલિત પરંપરાગત ખ્યાલોને તેમણે તિલાંજલિ આપી.

અસ્પૃશ્યતા નિવારણનો પ્રારંભ તેમણે કર્યો. પોતાના જ ભંગી રસિકના આંગણાંને પોતાના વધેલા લાંબા વાળથી વાળ્યું. રસિકના પ્રચંડ વિરોધ ને કાલાવાલા ગણકાર્યા વિના પોતાના જ ભંગીનું મેલું પોતાના માથે મૂકી સાફ કર્યું ને માને પ્રાર્થના કરી: ઓ મા! મારા મનમાં 'હું બ્રાહ્મણ છું તેવું અભિમાન રહેવા દઇશ માં!'

જ્યારે ૧૮૫૭ નો સ્વાતંત્ર્ય સંગ્રામ ચાલતો હતો ત્યારે ૨૧ વર્ષનો આ યુવાન આધ્યાત્મિક સાધના કરવામાં ગળાડૂબ ખૂંપેલો હતો. બાર વર્ષના ગાળામાં તેણે લગભગ બધા ધર્મોની સાધના કરી ને એક જ પરમ સત્યનો સાક્ષાત્કાર કર્યો. એ વખતે ચાલી રહેલા સાંપ્રદાયિક ઝઘડાઓ બિનજરૂરી, અર્થવગરના ને નકામા છે એવું તેમણે પૂરવાર કર્યું. ૨૮ મે વર્ષે સાધના પૂરી થઇ ત્યારે તેમનું શરીર તપ્ત કાંચન જેવું સોનાનું બની ગયું હતું. તેમના ગળામાં સોનાના માદળીયાનો રંગ તેના આ તેજોમય સુવર્ણ રંગમાં લય પામતો હતો. તેમણે માને પ્રાર્થના કરી, મા! તમારા તેજથી તો હું પ્રદર્શનનો પદાર્થ બની ગયો છું. કૃપા કરીને તે પાછું ખેંચી લ્યો. તે પછી જ માએ તે તેજ પાછું પોતાનામાં સમાવી દીધું હતું.

તેમનું જીવનચરિત્ર આધ્યાત્મિક સાધકોને માટે સદાકાળ મહાસાગરમાં દીવાદાંડીની જ નહિ, ભવસાગરપાર કરવાની નૌકા-ની ગરજ સારે છે, તેમના જ શબ્દોમાં આ સ્ટીમરમાં પાર



વિનાના માણસો બેસીને મંતવ્યસ્થાને ભવસાગરને પાર કરાવી દેવાનું સામર્થ્ય ધરાવે છે. ૧૮૩૬ થી ૧૮૮૬ ના પચાસ વર્ષના ગાળામાં તેમણે બાળલીલા, કિશોરલીલા, સાધક લીલા, નરલીલા, ગુરુલીલા કરી; તેનો આનંદ લૂંટવો હોય તો તેમનું સ્વામી શારદાનંદ રચિત શ્રીરામકૃષ્ણ લીલામૃત જ વાંચવું પડે.

તેમણે અભયવચન આપ્યું છે કે જેઓ આ મનુષ્યજીવનમાં મારું ચિંતન કરશે, તેને પિતા તરફથી આપોઆપ મળતા વારસાની જેમ મારો (આધ્યાત્મિક) વારસો મળશે. ઉત્તરકાશીના સ્વામી બ્રહ્મસ્વરૂપાનંદજીએ રામકૃષ્ણ ગીતાના ૧૮ અધ્યાયની સુંદર રચના કરી છે. તેમાં ૭૬૧ શ્લોકો છે. તેમને પ્રણામ કરતાં તેઓ લખે છે :

ॐ नमो वेदान्तवेद्याय गुरवे बुद्धि साक्षिणे।
सच्चिदानन्दरुपाय निर्गुणाय गुणात्मने ॥
ॐ नमो श्रीरामकृष्णाय चिदानन्द स्वरूपिणे।
अचिन्त्यानन्तरुपियैव शारदादेव्यै नमोनमः ॥

જેમને કેવળ વેદો જ જાણે છે, વેદોદ્વારા જ જાણી શકાય તે ગુરુદેવ મારી બુદ્ધિમાં નિવાસ કરીને અંતર્યામીમાં સાક્ષી તરીકે બિરાજે છે. તે સચ્ચિદાનંદ ગુરુનાં બે સ્વરૂપ છે. નિર્ગુણ ને સગુણ. વળી તે ગુણાતીત પણ છે. તે ચિદાનંદરૂપ શ્રીરામકૃષ્ણને તથા તેમના લીલાસહચરી શ્રી શ્રી મા શારદાદેવીને હું સદા પ્રણામ કરું છું.

૧૮૮૬ ની ઓગસ્ટની ૧૬ મી તારીખે તેમણે મહાસમાધિ લીધી તે પછીનાં પંદર જ વરસોમાં સર વીલીયમ ડીગબીએ Prosperous British India નામનું પુસ્તક ઇ. સ. ૧૯૦૧

માં પ્રસિદ્ધ કરેલું. તેમાં પાના ૯૯ ઉપર તેણે રામકૃષ્ણદેવને નીચેના શબ્દોમાં અંજલિ આપી છે.

"During the last century, the finest fruit of British Intellectual eminence was, probably to be found in Robert Browning and John Ruskin yet they are mere gropes in the dark, compared with the uncultured and illiterate Ramkrishna of Bengal, who knowing naught of what we term 'Learning' spoke as no other man of his age on this earth spoke and revealed God to weary Mortals."

છેલ્લી સદીમાં (૧૮૦૦–૧૯૦૦) બ્રિટિશ બૌદ્ધિક પ્રતિભાઓના સર્વોત્તમ પરિપક્વ ફળ હતાં, કદાચ, રોબર્ટ બ્રાઉનીંગ ને જહોન રસ્કિન. પરંતુ બંગાળના અણઘડ તે અશિક્ષિત એવા રામકૃષ્ણની સરખામણીમાં તો તેઓ માત્ર અંધારામાં જ ફાંફાં મારનારા ગણાય. આપણે જેને "વિદ્વત્તા" કહીએ છીએ તેના પૂર્ણ અભાવ છતાં ય આ પૃથ્વી ઉપર કોઈ એવું બોલ્યા નથી જે એના જીવનકાળમાં તે (રામકૃષ્ણ) બોલ્યા અને સંતમ મર્ત્ય માનવજાતને ઈશ્વરનું પ્રત્યક્ષ દર્શન કરાવ્યું.



# મૃત્યુનીય મ્હેંક

ગોરધનભાઈ કલોલા (કલ્યાણ)

આ જીવનના પુણ્યપ્રવાસે,
એકલ આવી એકલ જાવું,
સંબંધ ભલે થાય અનોખા,
આસક્તિ પણ ક્યાંય ના થાયે,
મમતા હો અન્યત્ર ન ક્યાંયે,
પ્રિય તમારા સમ કો ના લાગે.

જીવનની અનંતયાત્રાએ આપણે સૌ નીકળ્યા છીએ, પરમાત્મદર્શનની મંઝીલે પહોંચીએ તે પહેલાં પ્રવાસીની જેમ ઋણાનુબંધની પરબે વિસામો લઈએ છીએ, પરંતુ એ વિસામાને કાયમી મુકામ માનીને ત્યાં જ રહી જઈએ છીએ. પરબની મમતામાં આખરી મંઝીલે પહોંચવાનું વિસરાય જાય છે. પરબે મળેલા પ્રવાસીઓની સાથે થોડા વખતની ઓળખાણ મમતામાં પરિણમે છે અને પરમાત્મા સાથેની ચિરકાળની સગાઈ વિસરાય જાય છે. જન્મોસુધી મમતાની સુંવાળી જાળમાં સપડાઈને તરફડયા કરીએ છીએ અને મમત્વની કારમી વેદના સહન કરવાનું પણ એવું તો કોઠે પડી જાય છે કે જીવોને માટે મુક્ત અને પરમજીવનનો લ્હાવો કલ્પનાની કથા બની જાય છે.

મમતાની જાળમાં અટવાયેલું જીવન પણ પરમમુક્તિનો સ્વાદ માણી શકે છે, જો એ બે દિનના મહેમાન જેવા જીવનમાં કોઈ સમર્થ સંત વિભૂતિનો સાથ મળી જાય તો. એ સમર્થ મહાપુરુષ

આપણા સંસારની આસક્તિના બંધનો છોડીને પ્રભુ સાથે જોડી આપે છે. આપણા પરમાત્મા સાથેના ચિરપરિમિત સંબંધને યાદ અપાવી તેમની સાથેના પ્રેમના તંતુને જોડી દેનાર સદ્‌ગુરુ મળી જાય તો જીવન પરમાત્માના રંગે રંગાઇ જાય. આત્મકલ્યાણના દરવાજા ઊઘડી જાય!

એ બે દિનમાં મળે તમારી,
દિવ્ય કૃપાની લ્હાણ;
સાધ્ય શેષ કૈંય રહે ના,
હો જીવન કલ્યાણ.

પ્રકટ પરમેશ્વર પૂ. મા સર્વેશ્વરીનો લીલાવિહાર આ પૃથ્વીપર ચાલી રહ્યો છે. પૂ. માની કૃપાથી ઘણા જીવોને તેમના પરમ સાન્નિધ્ય અને દર્શનનો લ્હાવો મળ્યો છે. જેઓ પણ પૂ. માના સાન્નિધ્યનું પરમ સૌભાગ્ય પામ્યા છે, તેઓને આ બે દિનના મહેમાન જેવા જીવનમાં પૂ. માની દિવ્યકૃપાની લ્હાણ મેળવીને ધન્ય ધન્ય થઇ ગયા છે. આત્મકલ્યાણની એ કૃતાર્થતા ખરેખર અસાધારણ છે, કારણ કે રમત રમતમાં પૂ. મા આત્મકલ્યાણની સીડીનાં સોપાનો એટલી તો સહજતાથી ચડાવી દે છે કે સાધના-ની ભારેખમ ગંભીરતાનો ભાર લાગવા દેતાં નથી! પૂ. માનો બાળક પછી તે ગૃહસ્થ હોય કે સંન્યાસી હોય, પરંતુ આત્મ-કલ્યાણની કેડીપર તેને એટલી તો સહજતાથી ચાલતા કરી દે છે કે પૂ. મા તેને તેની વર્તમાન પરિસ્થિતિનો અફસોસ રહેવા દેતાં નથી. પૂ. માની કૃપાદૃષ્ટિની મધુરતા જ એવી છે કે પ્રભુની દિવ્ય મધુરતાની સૃષ્ટિમાં તે સહજ જ સરી પડે છે. પ્રભુના બાળક થવા માટે પૂ. મા તેના પર કોઇ શરત લાદતાં નથી કે નથી કોઇ નીતિ-નિયમોની હારમાળા રજૂ કરતાં. શાસ્ત્રોની ઊંડી ગહન પહોંચની



પણ પરવા કરતાં નથી કે વિદ્વત્તાના લેબલની દરકાર કરતાં નથી. નથી કોઇ દીક્ષા શિક્ષાનાં વિધિવિધાનો કે શુદ્ધિ, અશુદ્ધિનો ગમોઅણગમો! પૂ. મા પાસે કોઇ પણ બાળક આવે, પૂ. માની કૃપાદૃષ્ટિ પામે અને એ વરદહસ્તનો કૃપાસ્પર્શ પામતાં જ પ્રભુની દિવ્યસૃષ્ટિમાં સહજ જ રમવા માંડે!

પૂ. માની કૃપાદૃષ્ટિ પામેલા એવા જ એક બાળકના જીવનમાં અને મૃત્યુ પછીના જીવનમાં પૂ. માએ કૃપાની કેવી કમાલ કરી છે તેના મંગલ મહોત્સવમાં આપણે સૌ પૂ. મા સાથે સામેલ થવાના છીએ.

પૂ. માના પ્રાકટચતીર્થ કપૂરાની તીર્થભૂમિમાં વસવાનું સૌભાગ્ય પામેલા શ્રી મોહનભાઇ ભક્ત એક સજ્જન, સેવાભાવી અને આદર્શ સદ્‌ગૃહસ્થ હતા. સરકારી નોકરીમાં મોટા અધિકારીપદે હોવા છતાં પ્રભુની કૃપાથી સત્તાના નશીલા વાતાવરણથી દૂર રહેલા. તેમણે ક્યારેય હોદ્દાનો દુરુપયોગ કરીને લાંચરૂશ્વતના પૈસાનો સ્પર્શસુદ્ધાં કર્યો ન હતો, પોતે તો એ બદીથી દૂર રહ્યા, પણ સહકર્મચારીઓને પણ એવી તકથી દૂર રાખ્યા.

તેઓ શિસ્તના કડક આગ્રહી હતા, તેમ જ પોતાના કાર્યમાં અતિ નિયમિત હતા. સ્વચ્છતા અને સુઘડતાના તો જાણે ઉપાસક હતા!

શ્રી મોહનભાઇ સહકર્મચારીઓની ભૂલને ક્ષમા કરી જાણતા, પરંતુ તે જ ભૂલ જો ઇરાદાપૂર્વક થતી તો સરકારી રાહે પગલાં લેવામાં પાછા પડતા નહિ. એક કર્મચારીએ આવી ઇરાદાપૂર્વક ભૂલ કરી તો તેઓ કોર્ટ સુધી ગયા, કોર્ટમાં કેસ ચાલ્યો અને આખરે તે કર્મચારી સસ્પેન્ડ થયો!

આવા એક બીજા કિસ્સામાં એક કર્મચારીને પોતાનું ધાર્યું ન થવા દેતાં તે ગુસ્સામાં શ્રી મોહનભાઇની ઓફિસમાં ખુલ્લી છરી સાથે દોડી આવ્યો અને પૂરી તાકાતથી છરીનો વાર કર્યો, પરંતુ પ્રભુકૃપાએ બચી ગયા. પરંતુ ટેબલપર લાગેલી છરીથી ટેબલના બે ભાગ થઇ ગયા! છતાં આ કર્મચારીની જ્યારે બદલી થઇ ત્યારે શ્રી મોહનભાઇએ તેને ભવ્ય વિદાય આપી એટલું જ નહીં પરંતુ પોતાના ઘેર ભોજનનું નિમંત્રણ આપી પ્રેમથી જમાડયા, વિદાય થતાં તે કર્મચારી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડયો! પોતાનું જ ખૂન કરવા આવેલા માણસ સાથે કેવો ક્ષમાભાવ! વેરઝેર કે રાગદ્વેષની સૃષ્ટિમાં રાચવું તેમને બિલ્કુલ ગમતું નહીં.

ધૂપસળી જલી જાય છે, પરંતુ તે ધૂપ સુગંધ ફેલાવતી જાય છે. શ્રી મોહનભાઇ આવી પ્રામાણિકતા, નિષ્ઠા, નિયમિતતા, સ્વચ્છતા, શિસ્ત, સેવાભાવના અને પરમ શ્રદ્ધાભક્તિ સંપન્ન ધર્મપરાયણતાના પુષ્પોના પરિમલથી જીવનબાગ મ્હેંકાવતા ગયા!

સંસારના સર્વસુખોનો રસથાળ શ્રીપ્રભુની કૃપાથી મોહનભાઇ પામ્યા હતા. સ્વર્ગીય સુખોની સૃષ્ટિ તેમના ગૃહસ્થાશ્રમમાં સર્જાઇ હતી! સુશીલ સુશીલાબેન તથા કોઇ પણ માતાપિતાને ગૌરવ થાય તેવા વિનયી આજ્ઞાંકિત તથા સુસંસ્કાર સંપન્ન બંને બાળકો તાપસ તથા સંજયે આ ગૃહસ્થાશ્રમની શોભા વધારી હતી. સર્વત્ર સુખ અને આનંદની સૃષ્ટિ હતી, છતાં શ્રી મોહનભાઇ પૂ. મા અને ગુરુદેવ પ્રભુની પરમ કૃપાથી આ ઉત્તમ અને આદર્શ ગૃહસ્થાશ્રમની આસક્તિમાંથી અલિપ્ત રહી શક્યા. પોતે વસાવેલી પૂ. મા અને ગુરુદેવ પ્રભુની પરમ પ્રેમની અલૌકિક સૃષ્ટિમાં પણ સાથે સાથે વિહાર કરતા રહ્યા! પ્રભુસ્મરણની મસ્તીને લીધે સંસાર-સરોવરની વચ્ચે પણ કમળની જેમ નિર્લેપ રહ્યા!



એક સરખા સુખના દિવસો તો સંસારમાં કોના જાય છે? તડકા છાંયા જેવી આ સંસારના સુખદુઃખની ઘટમાળ ઊંચીનીચી સતત ફર્યા કરે છે. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખનું ચક્ર ફરતું રહે છે. પરંતુ પોતાના સંસારચક્રના આધારસ્તંભ તરીકે જેમણે પ્રભુને પસંદ કરી લીધા છે, તેઓ આ લાભહાનિની સ્થિતિમાં સ્થિર ને તટસ્થ રહી શકે છે. એટલે શ્રી મોહનભાઇના જીવનમાં જીવનની ઢળતી સંધ્યાએ જ્યારે ગંભીર માંદગી આવી ત્યારે પૂ. મા અને ગુરુદેવપ્રભુની કૃપાથી આ ભયંકર બીમારી વચ્ચે પણ શાંત રહીને સહી શક્યા!

પૂ. મા પોતાની પરમ ઈશ સામર્થ્યની અલૌકિકતાથી આવનારી પરિસ્થિતિથી સંપૂર્ણપણે વાકેફ હતાં! જુદા જુદા લીલા-સ્થાનોમાં પરમ લીલાવિહાર કરતાં કરતાં પ્રસંગોપાત્ત પૂ. માએ શ્રી મોહનભાઇના ભાવિ વિષે જે સ્પષ્ટ સંકેતો આપ્યા હતા તે સત્ય જ ઠર્યાં!

ઑક્ટોબર '૯૭ માં પૂ. મા નવરાત્રિના દિવસોમાં સ્વર્ગારોહણ અંબાજી પધાર્યાં હતાં. નવરાત્રિ જપયજ્ઞમાં કપૂરાથી આવેલા શ્રી ઈલાબેન, સરોજબેન અને માયાબેને વિદાય વખતે પૂ. માને પ્રણામ કરતાં પૂછ્યું, "હે મા, કપૂરા ક્યારે પધારશો?" પૂ. માએ સ્લેટમાં સ્પષ્ટ લખ્યું, "ડીસેમ્બરમાં, શ્રી મોહનલાલ માટે આવવાનું થશે."

નૂતનવર્ષના પર્વપ્રસંગે પૂ. માના દર્શન કરવા અને એ પાવન શ્રીચરણોમાં વંદન કરી આશીર્વાદ લેવા કપૂરાથી પણ બાળકો આવ્યા હતા. ત્યારે પણ વિદાય વખતે બાળકો પૂ. માને પૂછે છે "મા, કપૂરા ક્યારે પધારશો?"

પૂ. મા સ્લેટમાં એ વખતે પણ સ્પષ્ટ જ લખે છે "ડીસેમ્બર-માં, શ્રી મોહનલાલ માટે જ આવીશું."

ત્રીજા પ્રસંગમાં હરિદ્વારમાં મુંબઈવાળા શ્રી જ્યોત્સ્નાબેન પાસે ૧૩, નવેમ્બરે મોહનલાલ માટે યજ્ઞ કરાવેલો અને ૧૬, નવેમ્બરે શ્રી જ્યોત્સ્નાબેનને વિદાય આપતી વખતે ફરીથી વધુ એકવાર સીધું જ સ્લેટમાં લખ્યું "મોહનલાલના આયુષ્યનો ક્ષય છે, માટે જ તેમને માટે મંત્રજપ કરાવ્યા કરીએ છીએ."

શ્રી મોહનભાઇના આયુષ્યનો ક્ષય નજીકમાં જ છે તે પૂ. મા જાણતાં હતાં એટલે જ્યારે યાત્રાનિમિત્તે કાશી તીર્થક્ષેત્રમાં જવાનું બન્યું, ત્યારે કાશીવિશ્વનાથના પ્રસિદ્ધ જ્યોતિર્લિંગના પવિત્ર સ્થાનમાં મહામૃત્યુંજયના જપ, રુદ્રાભિષેક તથા શિવમહિમ્નનો પાઠ સમૂહમાં અને શ્રી પંડિતજી પાસે પૂ. માએ કરાવ્યા.

કાશીમાં જ ગંગાવિહાર કરતાં કરતાં પૂ. માના સાન્નિધ્યમાં સૌ ધૂનભજનમાં મસ્ત હતાં ત્યારે એકાએક પૂ. માએ ધૂનભજન અટકાવી સ્લેટમાં લખ્યું, "સૌ ગંગાજળથી સંકલ્પ કરો અને શ્રી મોહનલાલ માટે ૧૧ વાર મહામૃત્યુંજયના જપ સમૂહમાં કરો." પૂ. માની આજ્ઞા પ્રમાણે સૌએ સમૂહમાં ૧૧ વખત મહામૃત્યું-જયના જપ કર્યા. પૂ. માએ પણ ગંગાજળથી શ્રી મોહનલાલને અંજલિ આપી તેમને માટે પ્રાર્થના કરી.

બધા યાત્રિકોની ઈચ્છા ચિત્રકૂટની છેલ્લી યાત્રા કરી ત્યાંથી જ સીધા ગુજરાત જવાની હતી, પરંતુ પૂ. માએ ફરીથી કાશી જવાનો નિર્ણય કર્યો. કાશી આવીને પૂ. મા બે દિવસ વધુ રોકાયાં અને એ બે દિવસોમાં શ્રી પંડિતજી પાસે શ્રી મોહનભાઇ માટે કાશીવિશ્વનાથના મંદિરમાં વધુને વધુ જપ કરાવ્યા. આ યાત્રામાં



છ દિવસ સુધી કાશીમાં જ પૂ. માએ રોકાવાનો નિશ્ચય કર્યો અને તે પણ શ્રી મોહનભાઇ માટે જ.

તા. ૪, ડીસેમ્બર '૯૭ ના રોજ કાશીથી વિદાય આપતી વખતે પૂ. માએ સૌ યાત્રિકોને કપૂરા જઇને શ્રી મોહનલાલને મળીને જવાનું કહ્યું, પરંતુ કેટલાંકે કામ બતાવ્યાં તો પૂ. માએ તેમને છૂટ આપી, પરંતુ મંજુબેન ભાવસાર, પંડિતજી અને કલ્યાણને ફરજીયાત કપૂરા જઇ મોહનભાઇને સત્સંગ કરાવવાનો આદેશ આપ્યો. શ્રી પંડિતજીએ એકાદ દિવસ માટે પણ વડોદરા જવાની રજા માગી. પરંતુ પૂ. માએ સ્પષ્ટ ના પાડી ને કહ્યું કે કપૂરા જ જવાનું છે અને ત્યાં બીજું કંઇ નહિ પરંતુ શ્રી મોહન-લાલ સાથે સત્સંગ કરવાનો છે. અને પંડિતે તો મોહનલાલ માટે સતત મંત્રજપ કરવાના છે. પૂ. માની આજ્ઞા પ્રમાણે બધું જ થયું અને સાર્થક થયું.

પૂ. મા પોતાના પરમ ઈશસામર્થ્યથી પોતાના શરણાગત બાળકોની કેવી અદ્દભુત રીતે રક્ષા કરી તેના યોગક્ષેમનું વહન કરે છે તેનો આ પરમલીલા પ્રસંગ છે. પૂ. મા તો આ જીવન અને મૃત્યુપારના જીવનને સ્પષ્ટ જોઇ શકે છે. એટલે પોતાના કોઇ બાળકની આ સંસારમાંથી વિદાય એ પૂ. મા માટે એ બાળકની કાયમની વિદાય બની જતી નથી! કામચલાઉ પાર્થિવ શરીરની વિદાય પછી પણ નવા સ્વરૂપે જીવનયાત્રા તો ચાલતી જ રહે છે. એ નવી યાત્રામાં પણ પૂ. માનો સનાતન સાથ પોતાના બાળકને મળતો જ રહે છે. બધા જ સાથ છૂટી જાય છે પરંતુ પૂ. માનો સનાતન સાથ ક્યારેય ક્ષણવાર પણ છૂટતો નથી. સંસારના બંધન-માંથી છોડી સનાતન સંબંધ પ્રભુસાથે જોડી આપે છે. જ્યાંસુધી પ્રભુસાથેનો સંબંધ સાચો અને પાકો ન થાય ત્યાંસુધી પૂ. મા

પોતાના બાળકનો હાથ છોડતાં નથી, પછી તે આ પૃથ્વીપરનું જીવન હોય કે બીજા લોકનું જીવન હોય! એ માટે જન્મો જાય તો પણ પૂ. મા પોતાના પરમ પુરુષાર્થમાં પાછાં પડતાં નથી! અખૂટ ધીરજ ધરી, અખંડ કૃપા કરી પ્રેમ અને કરુણાની વર્ષા કર્યાં જ કરે છે.

પૂ. માના શરણાગત બાળકને કેટલી શાંતિ છે અને પૂ. માને કેટલી ચિંતા છે તે આપણે આ શ્રી મોહનભાઈની વિદાય પ્રસંગે અનુભવી રહ્યા છીએ! શ્રી મોહનભાઈના જીવનમાં સુખનો સૂર્યોદય સોળેય કળાએ ખીલ્યો હતો ત્યારે પણ પૂ. માને ચિંતા હતી કે આ બાળક ક્યાંય સંસારના ક્ષણિક સુખને સનાતન માનીને પ્રભુને વિસરી ન જાય! આસક્તિના રૂપાળા બંધનમાં બંધાઈ ન જાય. તે માટે સુખના દિવસોમાં પણ યાત્રાઓ નિમિત્તે તેમ જ બીજા કોઈને કોઈ પ્રસંગે પોતાના સાન્નિધ્યનું સુખ આપતાં રહ્યાં! સંસારના સુખમાં પણ સાથે રહીને પ્રભુસ્મરણ કરાવતાં રહ્યાં અને દુઃખમાં પણ સાથે રહીને પ્રભુસ્મરણને વિસરાવા ન દીધું!

જેમ સુખમાં તેમ દુઃખમાં પણ પૂ. મા સાથે જ રહ્યાં. પૂ. માના સાન્નિધ્યે સુખ પણ ચાલ્યું ગયું અને દુઃખ પણ ચાલ્યું ગયું, પરંતુ પૂ. માની કૃપાથી સુખદુઃખમાં મન નિર્લેપ રહી શક્યું. બંને અવસ્થાઓમાં મન પ્રભુસ્મરણમાં રત રહ્યું, કારણ કે બંને અવસ્થાઓમાં પૂ. મા સાથે જ રહ્યાં.

છેલ્લી અવસ્થામાં તો જાણે શારીરિક દુઃખોની આંધી આવી ગઈ! મનને સ્વસ્થ રાખવું મહામુશ્કેલ બની ગયું. છતાં આવી ભયંકર સ્થિતિમાં પણ પૂ. મા ધ્રુવતારક બની તેમની નાવને સલામત રીતે કિનારા તરફ દોરતાં જ રહ્યાં. ગંભીર માંદગીના દિવસોમાં દૂર અમેરિકા રહેવા છતાં ફોનદ્વારા કલાકોનું સાન્નિધ્ય



આપતાં રહ્યાં. મનની આવી નાજુક અવસ્થામાં પૂ. માએ જાણે તેમને ક્ષણેક્ષણનું સાન્નિધ્ય આપી રક્ષા કરી. શરીર અને મન બંને સાચવવાનાં હતાં. ઓપરેશનો વચ્ચે શરીરની સારવાર સ્વજનોદ્વારા ખૂબ ભાવથી થતી રહી, જ્યારે નામસ્મરણદ્વારા તેમ જ સ્થૂળ અને સૂક્ષ્મ સાન્નિધ્ય ધરીને પૂ. મા મનની સારવાર સતત કરતાં રહ્યાં. કર્મના પરિપાકને કૃપાકટાક્ષથી સહ્ય બનાવતાં રહ્યાં.

સુશીલાબેન તથા તાપસે તો અંતિમ દિવસોમાં મનમૂકીને ભાવથી સેવા કરી. ગંભીર અને લાંબી બિમારી સ્વજનોની પણ ધીરજની કસોટી કરનારી હોય છે. પરંતુ સુશીલાબેન અને તાપસે તો શ્રી મોહનભાઈની સારવારના સેવાયજ્ઞમાં પોતાના સ્વજન પ્રત્યેના પ્રેમ અને શ્રદ્ધાની આહુતિ આપી. શ્રી મોહનભાઈના અંતરના આશીર્વાદનું યજ્ઞફળ પામીને ધન્ય થઈ ગયા! સેવા જાણે સત્કર્મનું ભાથું બની ગઈ!

પોતાના શરણાગત બાળકની સંભાળ લેવી તે તો પૂ. માનું વ્રત અને વચન છે, એટલે શારીરિક દુઃખ મનને ક્યાંય ગંભીર ક્ષતિ ન પહોંચાડે તે માટે મનને ફરતે મજબૂત કિલ્લેબંધી કરતાં રહ્યાં! આસક્તિ ક્યાંય મનની વાડમાં છીંડુ ન પાડે તે માટે રીતસર પૂ. મા જાણે મનને દ્વારે પહેરો ભરવા લાગ્યાં!

પૂ. માને છેલ્લા ઘણા સમયથી જાણ હતી કે હવે શરીર ટકવાનું નથી તેથી શ્રી મોહનલાલના મનને સંરક્ષવા, ગંભીર દર્દના આઘાતથી મનને ઉગારવા પૂ. માએ પણ ઉગ્ર પ્રયાસો કર્યાં. જૂના ઘરને ત્યજવાના દિવસો નજીક છે, એમ જાણીને પૂ. માએ કાશીયાત્રા દરમ્યાન કાશીવિશ્વનાથના મંદિરમાં શ્રી પંડિતજીદ્વારા

મંત્રોના વિવિધ અનુષ્ઠાનો સતત કરાવ્યાં! કાશીયાત્રા જાણે શ્રી મોહનભાઇની માનસિક શાંતિ માટે જ પૂ. માએ કરી. શ્રી મોહનભાઇ ભગવાન સદાશિવના ઉપાસક હતા. એટલે અંતિમ દિવસોમાં પૂ. માએ કાશીતીર્થક્ષેત્રમાં નિવાસ કરી કાશીવિશ્વનાથના પવિત્ર સ્થાનમાં, તેમના સાન્નિધ્યમાં જ શિવભક્ત શ્રી મોહનલાલને જાણે માનસિક રીતે લઇ ગયાં અને સતત શિવસ્મરણમાં રાખી કાશીતીર્થક્ષેત્રમાં જ એ શિવની પાવન ભૂમિમાં શરીરના સ્થૂળ ત્યાગનો જે મહિમા છે તેનો લાભ સૂક્ષ્મરૂપે પણ શ્રી મોહનભાઇને પૂ. માએ અપાવ્યો.

કપૂરામાંના પ્રાકટ્યતીર્થમાં જે રીતે પાકેલું પર્ણ જેમ વૃક્ષથી છૂટું પડે તેટલી સહજતાથી શ્રી મોહનલાલે શાંતિપૂર્વક સ્થૂળદેહનો ત્યાગ કર્યો! અશાંતિની નાનીસરખી છાયા પણ પૂ. માએ સ્થૂળદેહના ત્યાગ વખતે પડવા ન દીધી!

શ્રી મોહનભાઇની સ્થૂળદેહમાંથી શાંતિપૂર્વકની વિદાય ને તેમના પ્રભુપરાયણ જીવન અને પૂ. મા અને ગુરુદેવપ્રભુની પરમ કૃપા પામ્યાની સાક્ષી આપી રહી છે. આવી દિવ્ય અને ભવ્ય વિદાયનો વળી શો અફસોસ? પૂ. માએ શ્રી મોહનલાલના પ્રભુમયજીવનની વિદાયપર શોક, દુઃખ કે આઘાતની છાયા સુદ્ધાં પડવા ન દીધી! પૂ. માની ઉપસ્થિતિને લીધે તેમની પાર્થિવ વિદાય મંગલ મહોત્સવમાં પલટાઇ ગઇ! ગંભીર પણ સાત્ત્વિક આભાથી શોભતા આ મહોત્સવથી આ ગૃહમંદિર સતત ગુંજતું રહ્યું. પૂ. માએ જે જીવનની બાજી સંભાળી હોય તે જીવનની વિદાય પણ મંગલ મહોત્સવ જ બની જાય ને!

તા. ૮, ડીસેમ્બર '૯૭ ને સોમવારના રોજ સવારે સાડા



અગિયાર વાગ્યે શ્રી મોહનલાલે સ્થૂળ શરીરનો ત્યાગ કર્યો. પોતાની નિયમિત માળા અને જપ કર્યા બાદ પથારીમાં આરામ કરવા સૂતા તે આરામ જ આખરી આરામ બની ગયો! દૈનિક જીવનની સામાન્ય ઘટના બની હોય એટલી જ સહજતાથી શરીર છોડવાનો ક્રમ પણ જાણે ગોઠવાઇ ગયો! આ ઘટનાક્રમમાં પૂ. માની પધરામણી પણ એક કડી બનીને ગોઠવાઇ ગઇ તે પણ કેટલું બધું પરમ સૌભાગ્ય! જે જીવનને પૂ. માએ પ્રભુના પ્રેમરંગથી શણગાર્યું તેની આખરી વિદાયને પણ પૂ. માએ પોતાની ઉપસ્થિતિને લીધે પ્રભુના મંગલ સ્મરણથી અતિ સુશોભિત શણગારી આપી!

ભક્તસમાજની પ્રણાલિકા પ્રમાણે સ્થૂળશરીરને સ્નાન કરાવ્યા પછી નવાં વસ્ત્રો પહેરાવીને સજાવીધજાવીને પાલખીમાં બેસાડવામાં આવ્યું. વિદાયની પુષ્પમાળાઓથી શોભિત શરીર જાણે જીવંત જ લાગતું હતું. ચશ્મા અને ટોપીથી શોભતું શરીર જાણે હમણાં જ બોલી ઊઠશે તેવું લાગતું હતું. શરીરની આસપાસ વીંટળાયેલો વિશાળ ભક્તસમાજ પ્રભુનું નામસંકીર્તન કરતો હતો. આખીયે સરળગીતાનો પાઠ પણ કરવામાં આવ્યો. પૂ. મા છ વાગ્યે પધાર્યાં તે સાથે જ સમગ્ર વાતાવરણમાં દિવ્યતા છવાઇ ગઇ! પ્રભુ પ્રકટ સ્વરૂપે પોતાના બાળકને પરમધામમાં વિદાય આપવા સાક્ષાત્ પધાર્યા હોય તેનાથી વિશેષ મંગલ મહોત્સવ બીજો શું હોઇ શકે?

સમય થતાં સંકીર્તન સાથે પાલખીને વિદાય આપવામાં આવી. પૂ. મા સ્વયં છેક ફળિયાના દરવાજા બહાર વિદાય આપવા આવ્યાં. પછી તો એ આખરી વિદાયને સંકીર્તન અને નામ-

સ્મરણની ભવ્ય અંજલિઓથી પૂ. માએ ભરી ભરી પ્રાણવાન બનાવી દીધી.

દિવસો સુધી સત્સંગ અને સંકીર્તનથી એ ગૃહમંદિર ગુંજતું રહ્યું. પૂ. માએ ગુરુદેવપ્રભુની પાંચસો બાવનીઓ ભક્તો પાસે ગવડાવી ભવ્ય શ્રદ્ધાંજલિ આપી.

સાંજે સાત વાગ્યે શ્રી મોહનભાઇના આત્માની શાંતિ માટે નિયમિત પ્રાર્થના થતી. પ્રાર્થના પછી ધૂન, ભજનથી અને ભાવિકજનોના પ્રવચનોથી શ્રી મોહનભાઇને અંતરના આદર સાથે શ્રદ્ધાંજલિઓ અર્પવામાં આવતી.

સતત તેર દિવસ સુધી શ્રી મોહનભાઇની આત્મિક શાંતિ માટે પૂ. માએ એકેએક ક્ષણનો ઉપયોગ કર્યો છે. યજ્ઞોદ્વારા મંત્રાનુષ્ઠાનોની જાણે હારમાળા સર્જી દીધી! સતત તેર દિવસ સુધી એક પણ દિવસ એવો ન હતો કે તે દિવસે એ ગૃહમંદિરમાંથી યજ્ઞની પવિત્ર ધૂપસેરો ફેલાઇને ઘરના ખૂણે ખૂણે પહોંચી ન હોય! યજ્ઞના પવિત્ર અગ્નિના પ્રકાશથી એ ગૃહમંદિર ઝળહળી ઊઠયું ન હોય! યજ્ઞના આચાર્ય શ્રી પંડિતજી અને યાજ્ઞિકોના અંતરમાંથી ઊઠતા પ્રચંડ મંત્રઘોષથી એ ગૃહમંદિરના વાતાવરણને ભર્યું ભર્યું ને ગુંજતું કર્યું ન હોય? પૂ. માના સમર્પિત બાળકોદ્વારા થતા આ યજ્ઞકાર્યમાં અંતરના ખરા ભાવો સ્પંદિત થઇ ઊઠતા હતા! આ યજ્ઞકાર્ય દિવ્યભાવથી ભરેલું જીવંત એટલા માટે લાગતું હતું કે જે પરમશક્તિનું આવાહન કરીને આ યજ્ઞકાર્ય સમર્પિત કરવામાં આવતું હતું તે પૂ. મા અને પ્રભુ પ્રત્યક્ષ રહીને મંત્રાનુષ્ઠાનના પરમભાવોને સ્વીકારતાં હતાં! એક વખત યજ્ઞકાર્ય વખતે યજ્ઞભાવના સ્વીકારનો પ્રત્યક્ષ પરચો પણ પૂ. માએ આપી દીધો!



યજ્ઞકાર્ય વખતે શ્રી પંડિતજી પૂ. માને પ્રણામોની સ્તવનમાળાદ્વારા ઝડપથી મંત્રોચ્ચારદ્વારા આહૂતિઓ અર્પણ કરી રહ્યા હતા, ત્યારે પૂ. માએ પ્રત્યક્ષ પધારીને સ્લેટમાં લખ્યું, "મંત્રાનુષ્ઠાનની આહૂતિઓ ધીમેથી આપો કે જેથી તેનો સ્વીકાર કરવામાં મુશ્કેલી ના પડે. ત્યાર પછી પૂ. માની આજ્ઞા પ્રમાણે શાંતિથી આહૂતિઓ અર્પવામાં આવી.

યજ્ઞના પરમભાવોનો પ્રકટ પરમશક્તિદ્વારા પ્રત્યક્ષ સ્વીકાર તે પરમ સૌભાગ્યની તુલના થઇ શકે તેમ નથી. પૂ. માની પરમકૃપા વિના આ પરમ સૌભાગ્ય શક્ય નથી!

શ્રી મોહનભાઇનું આ પરમ સૌભાગ્ય રહ્યું છે કે સ્થૂળશરીરના ત્યાગ વખતે પૂ. મા પ્રત્યક્ષ ઉપસ્થિત રહ્યાં! બધી જ ઉત્તરક્રિયાઓ પૂ. માની ઉપસ્થિતિમાં અને તે પણ પૂ. માની આજ્ઞા પ્રમાણે સંપન્ન થઇ! છેક હરિદ્વારમાં ગંગામૈયામાં અસ્થિ વિસર્જન વખતે પણ પૂ. મા ભયંકર ઠંડી હોવા છતાં, હાજર રહ્યાં, તે પણ છેક કપુરાથી હરિદ્વારસુધી યાત્રાની અનેક મુશ્કેલીઓ સહન કરીને શ્રી મોહનભાઇના અંતિમવિધિને પણ પોતાની પ્રત્યક્ષ ઉપસ્થિતિને લીધે દિવ્ય અને ભવ્ય બનાવી દીધી! અહીં હરિદ્વારમાં પણ ૧૪૦ થી પણ વધારે બાળકો ગંગાકિનારે પૂ. માના પાવન દર્શન પામવા અને પરમ સાન્નિધ્ય માણવા હાજર થઇ ગયાં છે!

શ્રી મોહનભાઇની અંતિમ વિદાય વખતે પણ પૂ. મા ઉપસ્થિત રહી શક્યાં તે પણ જીવનું પરમ સૌભાગ્ય ગણાય! પૂ. મા આ વખતે વિદેશમાં હોત તો આવી ભવ્ય વિદાય કેવી રીતે શક્ય બની શકે! પૂ. માને લીધે જ આ સ્થૂળવિદાયની ઘટના મૃત્યુનો મંગલ મહોત્સવ બની ગઇ! એક એક પળ શ્રી મોહનભાઇની

સદ્ગતિ માટે સત્સંગનું ભાથું લઈ આવી! મૃત્યુ પછીની યાત્રા માટે ભક્તિની ભાથી જાણે પૂ. માએ ભરાવી આપી! પરમાનંદ કરાવતાં કરાવતાં પૂ. મા શ્રી મોહનભાઈને આનંદલોકની યાત્રાએ લઈ ગયાં!

શ્રી મોહનભાઈના જીવનમાંથી અને મૃત્યુ પછીના જીવનમાંથી જો પૂ. માની ઉપસ્થિતિ બાદ કરીએ તો પાછળ એક સામાન્ય જીવનની સામાન્ય ગતિવિધિ સિવાય બાકી શું રહ્યું હોત! સામાન્ય જીવનનો ઔપચારિક ઢાંચો તો જન્મોથી આપણે જીવતા આવ્યા છીએ. ગરીબ હોઈએ કે અમીર, પણ આસક્તિઓની આળપંપાળ-માંથી બહાર આવી શકાતું જ નથી. જીવનમાં પરમશક્તિના પ્રવેશ વિના પ્રેમ અને ભક્તિનો મહોત્સવ મંડાતો નથી! અહીં પણ પૂ. માએ શ્રી મોહનલાલના જીવનમાં જાણ્યે અજાણ્યે પણ પ્રવેશ કરીને સામાન્ય જીવનને અસામાન્ય બનાવી દીધું! જાણે પ્રેમા-મૃતથી રસવંતુ કરી દીધું! પ્રેમ પારાવારને મળવા જતી સામાન્ય સરિતાને પ્રેમ અને ભક્તિરસથી ભરપૂર કરીને સાર્થકતાથી સજાવી દીધી! પૂ. માના પ્રેમસ્પર્શે ધન્યતાની વીણા ઝંકૃત થઈ ઊઠી અને દિવ્ય સંગીતની મસ્તીથી જીવન ડોલી ઊઠયું! જીવન પૂ. માનો દિવ્યપ્રેમ માણીને મધુરતાથી મ્હેંકી ઊઠયું! અને હજુ પણ જ્યાં-સુધી સંસારના સંસ્કારો બાકી હશે ત્યાંસુધી પૂ. માના પ્રેમમધુપની મધુરતાની મધુરપ માણ્યા કરશે!

અનંત જન્મમરણની નાગચૂડમાંથી છૂટવું હોય, ત્રિતાપથી બચવું હોય, જન્મોની જંજાળમાંથી મુક્ત થવું હોય તો પૂ. મા જેવા પરમપુરુષના શ્રીચરણોનો આશ્રય અનિવાર્ય બની જાય છે. પૂ. માનો પ્રકટ લીલાવિહાર આ પૃથ્વીપર ચાલી રહ્યો છે ત્યારે



અનંતજન્મોની દીનતા ફેડવાનો એક અણમોલ અવસર આપણા જીવન આંગણે અનાયાસે આવીને ઊભો છે. પરમધન પ્રાપ્ત થયા પછી પણ જો દીનતા ન ટળે તો કોનો વાંક? પૂ. મા તો સામે જ છે. શ્રીચરણોને વળગીને દીનતા ફેડી લઈએ. પૂ. મા મળ્યા પછી જીવનમૃત્યુની શી ચિંતા?

બસ! પછી તો પ્રેમ અને પ્રસન્નતાના પારાવારમાં ડૂબવાનું જ છે!

જનમજનમની મટી દીનતા,
જીવનદાન મળ્યું.
પ્રસન્નતામાં મળી ગયું મન,
મૃત્યુ ક્યાંય મર્યું.
પરમધન મુજને પ્રાપ્ત થયું.

અને અંતમાં શ્રી મોહનલાલના સ્વર્ગવાસ નિમિત્તે દિલસોજી પ્રગટ કરવા આવનારાઓમાં યોગેશ્વર પરિવારના સાધક ભાઈ-બહેનો વિશેષ રહેતાં. તેમાં પૂ. મા કપૂરામાં ઉપસ્થિત હતાં, એથી પણ સાધકોની અવરજવર સારા પ્રમાણમાં રહેતી. કપૂરા તો નાનું ગામ. એટલે બહારગામથી આવનાર સર્વ ભાઈબહેનોને જમાડ-વાની વ્યવસ્થા પૂ. માના મોટાભાઈ શ્રી વામનભાઈ અને તેમનાં ધર્મપત્ની ગંગાબેને ઉપાડી લીધેલી. અને તે પણ ખૂબ ઉત્સાહ અને પ્રેમપૂર્વક. ઘણીવાર એવું બનતું કે સવારે ૨૦–૨૫ ભાઈ-બહેનો જમનાર હોય તો સાંજે તે સંખ્યા ૫૦ કે તેથી વધી પણ જતી. પરંતુ શ્રી વામનભાઈની વ્યવસ્થા સૂઝ એટલી બધી સરસ કે ન પૂછો વાત. ગમે તેટલા માણસો ગમે ત્યારે આવે તોપણ જાણે રસોઈ તૈયાર! વામનભાઈએ ખરે જ તેઓના પૂ. પિતાશ્રી

કાલીદાસકાકાનો મહેમાનગતિ અને પરણોગતનો વારસો સરસ રીતે દીપાવ્યો. તેઓની અને શ્રી ગંગાબેનની ઉમ્મર પણ મોટી હોવા છતાં અને થોડા મહિનાઓ પહેલાં જ પોતાની એકની એક વહાલસોઇ યુવાન પુત્રી–મીનાક્ષીનો સ્વર્ગવાસ થયેલ હોવા છતાં–તેઓ પોતાનો આ કુળધર્મ ચૂક્યા નહિ કે તે અંગે સહેજ પણ દુઃખ કે અણગમો દર્શાવ્યો નહિ. કેવું અદ્ભુત?

આ ઉપરાંત પૂ. મા સાથે પધારેલ શ્રી પંડિતજી, શ્રી કલ્યાણની તથા બીજા પોતાના સંબંધીઓના ઉતારા ને સરભરાની જવાબદારી તેઓ જાતે ઉઠાવતા. વહેલી સવારે ૪ વાગે ઊઠી જઇને તેઓ મહેમાનોની સુવિધામાં લાગી જતા. એંસી કરતાં પણ વધુ ઉમ્મરના શ્રી વામનભાઇની સ્ફૂર્તિ ને કામ પતાવવાની સૂઝ દાદ માગી લે તેવાં હતાં. છેલ્લામાં છેલ્લો માણસ જમી લે પછી જ શ્રી વામનભાઇ ને ગંગાબેન જમતાં. તેમ જ રાતે સહુને સુવાડયા પછી સૂવાનું અને સહુની પહેલાં ઊઠવાની તેમની આદત પણ આજના યુવાનોને શરમાવે તેવી હતી.

આમ પોતાના બનેવી શ્રી મોહનલાલના મૃત્યુને મહેંકતું કરવામાં શ્રી વામનભાઇ અને ગંગાબેન–તેમ જ તેમને મદદરૂપ થનાર ફળિયાની યુવાન દીકરીઓનો ફાળો પણ નાનોસૂનો ન ગણાય.



## * પૂ. માને *

શબ્દના સંસ્પર્શથી ઝંકૃત કર્યાં પ્રેમી હૃદય,
મૌન શાને? અસ્ખલિત આનંદ દેનારાં?
શબ્દથી સંમોહિની સૌનેય કરનારાં ને;
શબ્દની સંજીવની સૌનેય ધરનારાં?

સાંભળેલું જ્ઞાન દેતા કૈંક આદિ ગ્રંથનું;
ક્યાં ગયા એ ગ્રંથને પણ જ્ઞાન દેનારા?

મૂર્તિઓ પાષાણ દઇ ગઇ ઈશ્વરીય ઝાંખી,
ક્યાં ગયા એ ઈશ્વરોને ઝાંખી દેનારા?

સ્પર્શ પામી લોહ જેના સુવર્ણમાં પલટાય છે,
ક્યાં ગયા પારસમણિને જન્મ દેનારા આજે!

ઝળહળાં રોશન કરી મૂકે જગત અંધાર જે,
ક્યાં ગયા ઉદ્ગમ પ્રકાશોનેય ધરનારા?

પ્રાણહીન કંગાલ ભારત દુઃશાસનોના હાથમાં,
ક્યાં ગયા મા ભારતી! એને ઉગારનારા?

બાળ યાચે શબ્દધારા કરુણામયી બસ આપની,
ક્યાં ગયા એ કર્ણને પણ દાન દેનારા?

છે છલોછલ વેદના, વિરહી જીગરના બાગમાં,
ક્યાં ગયાં 'મા' પ્રેમનું અમૃત પીરસનારાં?

— દક્ષેશ કોન્ટ્રેક્ટર (ચાતક)

## * મને આ... *

મને આ કોણ ભ્રમિત કરતું?
મને આ કોણ ચલિત કરતું?

ધ્રુવ, પ્રહ્લાદ, વસિષ્ઠ નહીં પણ
અંશીને આરાધું,
શ્રેય-પ્રેમની રગને જાણું
વિશ્વંભરને સાધું;
સીધે શેરડે ગતિ પકડું ત્યાં
માયાવી રૂપ તરતું... મને આ૦

યોગની ધારામાં અટવાઉં,
રાધાવરને શરણે;
કર્મકાંડમાં કદી પટકાઉં
તારક હરિવર ચરણે,
આસનની અસ્થિરતા પીડે
ધ્યાન કવણ હરવું?... મને આ૦

સમજું ધર્મ, અધર્મ, ન વિચરું,
વિચરું વિપરીત પંથે,
દુર્યોધન-મન-દ્વિધા 'નુભવતો
કોણ ચલાવે સંઘે?
આરો અવર અનુગ્રહ વિણ કો?
કૃષ્ણાર્પણ ઘર બળતું... મને આ૦

મને આ કોણ ચલિત કરતું?
મને આ કોણ ભ્રમિત કરતું?

— ડૉ. રણજિત પટેલ (અનામી)



# શ્રદ્ધાંજલિઓ

તંત્રી

શ્રી જે. વી. શાહ, પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના પ્રેમી ભક્ત. તેમનો સ્વર્ગવાસ તા. ૨૫-૧૨-૯૭ ને નાતાલના દિવસે મુંબઇમાં થયો. તેની જાણ અમોને મોડી થઇ. જૈનધર્મમાં ખૂબ શ્રદ્ધા ધરાવનાર શ્રેયસ સાધક હોવા છતાં પણ, પૂર્વના કોઇ સંસ્કારોને લીધે પ. પૂ. મહાત્માજીના પરિચયમાં આવવાનું થયું અને તેઓમાં તેમની સારી એવી શ્રદ્ધાપ્રીતિ થઇ. પરિણામે પરસ્પર આત્મીયતા સધાઇ. પૂ. શ્રી યોગેશ્વરજી અને પૂ. માતાજી જ્યોતિર્મયી પહેલીવાર જ્યારે વિદેશના પ્રવાસે પધાર્યાં ત્યારે અને તે પછી પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી સાથે જવાનું થયું ત્યારે તેઓએ ઘણી સારી સહાય કરેલી. પોતાના ગામ મૂળી પણ પૂ. શ્રી અને મા સર્વેશ્વરીને લઇ ગયેલા.

તેઓ ધંધામાંથી નિવૃત્ત થયા પછી લોકહિતની પ્રવૃત્તિ કરતા રહેતા. તેમણે મેગ્નેટ થેરેપી તેમ જ બીજી સારવાર પદ્ધતિઓની જાણકારી મેળવેલી. તેનો ઉપયોગ તેઓ જનહિત માટે કરતા રહેતા.

તેઓએ જીવનમાં પ્રેયસ અને શ્રેયસ બન્નેની સાધના-પૂરી માનસિક સમતુલા જાળવીને કરી. તેમનું જીવન ખરે જ બીજાઓને પ્રેરણારૂપ હતું. મહાવીર પ્રભુ તેમના આત્માને સંપૂર્ણ શાતા અર્પો એ જ પ્રાર્થના.

જેમણે પૂ. શ્રી અને પૂ. માના જીવનમાં થોડો પણ સહયોગ

પ્રદાન કર્યો છે, તેમને શાન્તિ આપવાની જવાબદારી એ સંતોની છે. તેઓ જરૂર તે નિભાવશે.

શ્રી યોગેશ્વર પરિવારના બીજા એક વડોદરાના સાધક શ્રી ગીરધરભાઇ કાયસ્થનો સ્વર્ગવાસ પણ તા. ૧ જાન્યુઆરી–૯૮ ના રોજ થયો. પ. પૂ. યોગેશ્વરજીની સાધનાના પ્રારંભકાળથી તેઓ સાથે સંકળાયેલા. પ્રારંભિક મૈત્રી સમય જતાં આત્મીય સંબંધમાં પરિણમેલી. અને પૂ. માતાજી તેમ જ પૂ. મહાત્માજીને સરોડાના નિવાસ દરમ્યાન તેઓ મદદરૂપ થયેલા.

શ્રી ગીરધરભાઇ યોગના આસનોના સારા અભ્યાસુ હતા. છેલ્લા કેટલાંક વર્ષોથી તેઓનું સ્વાસ્થ્ય સારું ન રહેતું આમ છતાં પોતાની પત્ની સાથે મોટાભાગના જાહેર કાર્યક્રમોમાં તેઓ અવશ્ય હાજરી આપતા.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીને હરિદ્વારમાં તેઓના સ્વર્ગવાસની જાણ થતાં, તેમને અંજલિ આપી–બે મિનિટ મૌન જાળવીને–સાધકોએ એમના આત્માની શાન્તિ માટે પ્રાર્થના કરેલી.

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭

ફોન : ૬૬૮૨૩૧



# યાત્રા–પરમ સંગાથે

સુરેશ શાહ, કેનેડા.

**તા. ૨૪–૮–'૯૭, રવિવાર, એડમન્ટન.**

પૂ. માના પરમ સાન્નિધ્યનો એડમન્ટનમાં ત્રીજો દિવસ છે. પરમની સમીપે સંસાર અને સાંસારિક વ્યવહાર ભૂલાય છે તેની સૌને પ્રતીતિ થાય છે. પૂ. માના સાન્નિધ્યમાં સૌને સત્સંગની મોજ માણવા મળે છે અને દર્શનની તૃપ્તિ પ્રાપ્ત થાય છે.

આજે સવારે ૯–૦૦ વાગે યજમાનના નિવાસસ્થાન વાત્સલ્યધામમાં સત્સંગની બેઠક યોજાય છે. મંત્રોચ્ચાર, પૂ. શ્રી અને પૂ. માની બાવની અને પૂ. શ્રીની સ્તવનમાળા તથા મંત્રગાન કરવામાં આવે છે. પ્રસન્નવદના પૂ. મા ૯–૪૦ વાગે પ્રણામ, નિત્યપાઠ અને નિત્યક્રમ નિયમ પ્રમાણે પતાવીને સભામાં પધારે છે. સૌના પ્રણામ સ્વીકારી સૌને પ્રણામ કરી પૂ. મા બેઠક પર સ્થાન ગ્રહણ કરે છે.

એડમન્ટનના શ્રી મહેન્દ્રભાઇ પટેલ કે જેમને પૂ. માનો ઓઝાના શિબિરમાં જ પ્રથમ પરિચય થયો છે તેઓ પોતાના વક્તવ્યમાં જણાવે છે કે, "વિદેશમાં વૈભવ અને ઐશ્વર્ય અનેકગણાં હોવા છતાં માનવ મનથી અશાંત અને અસ્વસ્થ છે. રાત્રે ઊંઘવા માટે ઊંઘની ગોળી લેવી પડે છે, જ્યાં ત્યાં માનસિક તનાવનો અનુભવ થાય છે. બુદ્ધિથી બધું મળતું નથી, શ્રદ્ધા અને વિશ્વાસ સંતોમાં રાખવાથી જ મન શાંતિનો અનુભવ કરે છે, પૂ. માનું જીવન એક સંદેશો છે અને પૂ. મા મળ્યા ત્યારથી બીજે

ક્યાંય જવાનું મન થતું જ નથી"–પૂ. મા એક આદર્શ, અનુકરણીય, આત્મસાક્ષાત્કાર કરેલાં સંત છે અને તેમને પામીને આપણે સૌ ધન્ય બન્યા છીએ.

નિખાલસ, સત્યથી સભર વક્તવ્ય તેમનો પૂ. મા માટેનો પ્રેમભાવ પ્રતિઘોષિત કરે છે. અને વિદેશમાં શાંતિ આધ્યાત્મિક માર્ગે જ મળી આવે છે. તેવો ભાવ તેઓ રજૂ કરે છે. નિવૃત્તિવયે પહોંચેલા શ્રી મહેન્દ્રભાઈ છેલ્લા ૩૭ વર્ષથી વિદેશમાં સ્થિર થએલા છે.

પૂ. મા વળી સૌના ક્ષેમકુશળ પૂછે છે. આજે ટોરોન્ટોથી આવેલી બાળાઓમાં શ્રી રાખી પાઠક અને પ્રેયસી પાઠક શ્રી દાજીરામ મહારાજ અને શ્રી મુકુટરામ મહારાજ પર પૂ. માની આજ્ઞાથી વક્તવ્ય આપે છે. અંગ્રેજી અને ગુજરાતી બંને ભાષામાં સુંદર રીતે પોતાના પરિવારના ગુરુમહારાજનો પરિચય આપે છે અને કૃપાપ્રસંગો પણ જણાવે છે. ગાયત્રીમંત્રનું ગાન પણ સૌને કરાવે છે. શ્રી કલોલાનાં ધર્મપત્નીના અવસાન નિમિત્તે શ્રી કલ્યાણના પરિવારને આશીર્વાદ આપતા પત્રનું વાંચન પણ થાય છે. પૂ. માના પવિત્ર ભાવો સૌને પત્રદ્વારા સમજાય છે. મંત્રોચ્ચાર અને પૂ. શ્રીની આરતી સાથે સત્સંગસભા વિરામ પામે છે. પૂ. મા સૌ બાળકોને ટોરોન્ટોના શ્રી મહેશભાઈ પરીખદ્વારા ભેટ અપાએલા ઘડીયાળો આપે છે જાણે કે પૂ. મા બાળકોને નિયમિત થવા અને સમયની કિંમત સમજાવતાં હોય તેમ જણાય છે. સૌ અલ્પાહાર કરી, ફોર્ટ એડમન્ટન પાર્ક જોવા રવાના થાય છે.

લગભગ પચાસથી વધુ વર્ષો જૂનો આ પાર્ક છે. તેની વિશેષતા એ છે કે આ પાર્કમાં રેડીઈન્ડીઅનો સો વર્ષ પહેલાં કુદરતના ખોળે અને કુદરતી સાધનોનો દૈનિક જીવનમાં કેવી રીતે ઉપયોગ કરતા હતા તે સંગ્રહાએલા જોવા મળે છે.



પ્રવેશ ફી આપીને અંદર જતાં જ વરાળથી ચાલતું નાનું એંજીન અને તેને જોડેલા ત્રણચાર ડબ્બા પ્રવાસીઓને પાર્કમાં લઈ જાય છે. લગભગ ૨૫ થી ૩૦ મિનિટમાં પાર્કના ઘણા બધા વિસ્તારો આવરી લે છે. સાથે કલકત્તા જેવી ટ્રામબસ પણ છે. ડ્રાયવર સ્થળોની માહિતી આપે છે અને સૌને સ્મિતથી સત્કારે છે. ૧૨૫ વર્ષ પહેલાંની ઘરના બાંધકામની વિગત, રાચરચીલાનો પ્રકાર, રાંધવાનાં વાસણો, રાંધવા માટેના ચૂલા, લુહારીકામના ઓજારો, સુથારી કામના ઓજારો, ઘઉંની ખેતી, ઘઉંનું નીંદામણ, ગોલ્ફની રમત, બાળકો માટેની રાઈડો, લાકડાના રક્ષણાત્મક કિલ્લાઓ, કપડાંનો પહેરવેશ અને પ્રાચીન પ્રતિકૃતિઓ સૌ નિહાળે છે. જૂના સમયના ટેલીફોન, તાર મોકલવાની વ્યવસ્થા અને બીજી ઘણી પ્રાચીન વસ્તુઓ જોઈ સૌને આશ્ચર્ય પણ થાય છે. ઈ. સ. ૧૯૨૩, ૧૯૩૫, ૧૯૪૫, ૧૯૪૭, ૧૯૬૩ ની જૂની મોટરગાડીઓની પરેડ પણ સૌ નિહાળે છે. મોટરગાડીના માલિકનું નામ, મોટરગાડીનું વર્ષ, તેની વિગત પણ માઈક્રોફોનથી સૌને મળે છે. નવાઈની વાત એ છે કે આ બધી જ મોટરોને તદ્દન નવી મોટરની જેમ જાળવવામાં આવી છે. ઘોડા ઉપર પોલીસો બાળકો માટે આકર્ષણ બની જાય છે. પાર્કમાં ચાર પાંચ કલાક વિતાવી, વિક્ટોરીઆ પાર્કમાં સૌ ભોજન અને આરામ કરે છે.

સાંજના ૬–૦૦ થી ૮–૦૦ એડમન્ટનના શ્રી શ્રી રાધાગોવિંદજીના મંદિરમાં સત્સંગ યોજાય છે. મંત્રોચ્ચાર, મંત્રગાન બાદ પૂ. માના ભજનોની કેસેટદ્વારા સૌને (પૂ. માનું મૌન હોવાથી) પૂ. માના સ્વર અને ભજનોના ભાવોની અનુભૂતિ મળે છે. ભજનોનો ક્રમ–

૧. રામ તમે ઘનશ્યામ તમે છો.

૨. મારો સ્વજન બન્યો શામળીયો.

૩. મારો સાચો મિત્ર તું બનજે.

૪. ગોપાલ પ્રકટો આજ.

ત્યારબાદ પૂ. શ્રીની અમૃતવાણીનું સૌ રસપાન ઓડીઓ કેસેટદ્વારા કરે છે. વિદ્વત્તા, અનોખી શૈલી, અદ્ભુત રજૂઆત અને વિષયની ગહનતાથી સૌ પ્રભાવિત થાય છે.

શ્રી રાજુભાઇ ભાવસાર હિન્દીમાં પૂ. માનો અને પૂ. શ્રીનો શાબ્દિક પરિચય આપતાં જણાવે છે કે સંતનો પરિચય આપવા સંત બનવું પડે. પૂ. મા માનવમંદિરોનું નિર્માણ કરવા વિચરણ કરી રહ્યાં છે. અંતમાં ધૂન ગવાય છે, પૂ. શ્રીની આરતી અને મંત્રોચ્ચાર સાથે કાર્યક્રમ ૮–૦૦ વાગે સમાપ્ત થાય છે. સૌ મહાપ્રસાદ લે છે અને પૂ. માના આધ્યાત્મિક જીવન વિષે તથા પૂ. શ્રી વિષે સૌને વધુ માહિતી પણ આપવામાં આવે છે. આજની આરતીની રકમ મંદિરના લાભાર્થે અર્પણ કરવામાં આવે છે.

આવતીકાલથી કુદરતી સૌંદર્ય નિહાળવા માટેના પાંચ દિવસ-ની યાત્રા માટે સૌ કુતૂહલ અને આનંદની લાગણી અનુભવતા જણાય છે.

**તા. ૨૫–૮–'૯૭, સોમવાર, એડમન્ટન.**

**"જન્માષ્ટમી"**

આજે સવારે "વાત્સલ્યધામ"માં સૌ સવારે ૬–૪૫ વાગે આવી જાય છે. મંત્રગાન અને બાવની સૌ ગાય છે. પૂ. માના દર્શનનો સૌને લાભ મળે છે. પૂ. મા સૌને યાત્રામાં પહેરવા, "મા–એડમન્ટન–૧૯૯૭"ના સ્વરૂપનો બેજ આપે છે તથા સૌને ડાબી બાજુ ખભા પાસે પહેરવા આજ્ઞા કરે છે. "આજથી પાંચ



દિવસ માટે સતત કુદરતી સૌંદર્ય જોવાની તથા કુદરતના ખોળે રમવાની યાત્રા શરૂ થવાની છે. માટે "યાત્રાના આરંભે કરીએ પ્રાર્થના સાથી બનજો યોગેશ્વર પરમાત્મા" પ્રાર્થના સૌ ગાય છે અને પૂ. માને પ્રણામ કરી ચોકલેટ, ફળ, પુષ્પનો પ્રસાદ લઈ સૌ યાત્રાની શરૂઆત કરવાની તૈયારી કરે છે. યાત્રામાં કુલ ચાર વાહનો છે. બસમાં ૪૫ વ્યક્તિનો સમાવેશ થાય છે. લાલ વાનમાંપંદર વ્યક્તિનો અને પૂ.મ ાના લીલાવાનમાં ચાર વ્યક્તિનો સમાવેશ થાય છે. ચોથી વાનમાં ભોજનની સામગ્રી છે માટે તેને "અન્નપૂર્ણા"વાન કહેવામાં આવે છે. બધા મળી કુલ ૭૦ યાત્રીઓ પૂ. મા સાથેની આ યાત્રાનો લાભ પ્રાપ્ત કરે છે.

એડમન્ટન શહેર છોડતાં લગભગ કલાક થાય છે. પૂ. માની આજ્ઞાથી ચારે વાહનો સાથે જ રાખવાનું થાય છે. બપોરે ૧૨–૦૦ ની આસપાસ યાત્રાના પ્રથમ સ્થળ જેસ્પર નેશનલપાર્કની મુલા-કાત યોજાય છે. ચઢાવ અને ઢોળાવવાળા ધોરીમાર્ગો, સર્પાકાર રીતે પર્વતોમાંથી કોતરેલા છે, પર્વતોનાં દર્શન અને તેમાંથી પ્રકટ થતાં ઝરણાંઓ, વૃક્ષો અને વનરાજીઓ કુદરતી સૌંદર્યનું દર્શન કરાવે છે. બસમાં ધૂન, ભજન, બાવની, વાર્તાલાપ ચાલુ જ રહે છે. જળાશયોના દર્શન પણ સૌને મુગ્ધ કરે છે.

યાત્રા આગળ વધે છે, બપોરે ૨–૩૦ વાગે આથાબાસ્કાફોલ્સ જોવા મળે છે. ફોલ્સ, નાયગ્રાફોલ્સની સરખામણીમાં નાનો છે પણ તેનો પ્રવાહ પ્રચંડ છે. પૂ. મા સડસડાટ ત્રીસ થી ચાલીસ પગથીઆં ઉતરી સૌને પાણીથી અંજલિ આપે છે. પૂ. માના વાત્સલ્ય અને આથાબાસ્કા નદીના પાણીની અંજલિ આપી સૌ આનંદ અનુભવે છે.

ખડક અને પાણીનું આ યુદ્ધ, તેમાં પાણીનો વિજય થાય છે કારણ તે વહે છે, ખડકો સ્થગિત છે. ખડકોમાં પાણીના સ્મૃતિ-ચિહ્નો રહી જાય છે અને ભોગવેલી વેદના કોતરાએલી દૃશ્યમાન થાય છે.

હવે કોલબીઆ–આઇસ ગ્લેશીયર જોવા જવાનું થાય છે. ૩૨૫ ચોરસ કિલોમીટરના પ્રદેશમાં તેઓ પથરાએલા છે. રોકી પર્વતોના પ્રદેશમાં, બરફાચ્છાદિત આ પ્રદેશ સૌથી વિશાળ છે. દરિયાની સપાટીથી તેની ઊંચાઇ ૧૨, ૨૮૪ ફૂટની છે. વર્ષનો સરેરાશ બરફ ૨૩ ફૂટ પડે છે. સ્નો ટાયરવાળી બસમાં સૌ બરફની સપાટી ઉપર યાત્રા કરે છે. એક કલાક વીસ મિનિટની આ ટુરમાં સૌને બસના ડ્રાયવર સ્થળની માહિતી આપે છે. બસ-માંથી ઊતરી આબાલ વૃદ્ધ સૌ બરફ ઉપર ચાલે છે અને ફોટા પાડે છે/પડાવે છે. બરફનું પાણી પણ સૌ પીએ છે–અમરનાથની યાત્રા જાણે સૌ કરતા હોય તેવો આનંદ અનુભવે છે. પૂ. માએ આ સ્થળની મુલાકાત પહેલા લીધી હોવાથી પોતાની વાનમાં બેસી મંત્રજપ કરે છે. ઢળતા દિવસની સંધ્યાએ લેઇકલુઇસની મુલાકાત લેવાય છે. કેનેડા દેશની દસ ડોલરની નોટમાં સરકારે આ સરોવરના દૃશ્યને જડી દીધું છે. સૌ પૂ. મા સાથે અહીં ફોટો પડાવે છે.

પાંચસોથી વધારે કિલોમીટરનો પ્રવાસ કરી સૌ રાત્રિરોકાણ કેનેમોર મોટેલમાં કરે છે. યજમાન તરફથી ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવે છે. ઉપવાસી માટે પણ ફળાહાર રાખેલો છે. આજે જન્માષ્ટમીનો પવિત્ર તહેવાર છે, સૌ જમીને ગરબા, ભજન, ધૂન ગાય છે. આમ જંગલમાં મંગલ કરી સૌ આનંદ



પ્રાપ્ત કરે છે. શ્રીકૃષ્ણનો જન્મ કારાવાસમાં થાય છે, પૂ. માના સાન્નિધ્યમાં સૌ સંસારના કારાવાસમાંથી મુક્તિ પામે છે, શ્રી-કૃષ્ણનો જન્મ રાત્રે ૧૨–૦૦ વાગે થાય છે. પૂ. માના સાન્નિધ્ય અને દર્શનનો લાભ સૌને સતત મળે છે. પૂ. મા સાથે ઉજવેલો આ તહેવાર સૌને ચિરસ્મરણીય બની રહેશે.

મોટેલના માલિકને પણ આ આનંદોત્સવ જીવનભર યાદ રહેશે તેમ જણાવે છે કારણ આવો પ્રસંગ મોટેલમાં પહેલી જ વાર બને છે. તેઓ પણ પૂ. માના દર્શન કરી કૃતકૃત્ય બને છે.

(ક્રમશઃ)

બીજામાં શું સારું ને શું ખરાબ. એવી કૂથલીમાં જે માણસ સમય બગાડે છે એ પોતા વિષેના કે પરમ વિષેના ચિંતનમાં સમય વિતાવતો નથી, પણ બીજાઓમાં અટવાયા કરે છે.

રામકૃષ્ણ પરમહંસ

ઓ. : ૨૨૩૫૯૮ ફે. : ૩૬૨૪૩૭
૨૩૪૦૧૬ ઘ. : ૪૪૧૪૩૧
ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

રામકૃષ્ણ પરમહંસની

# આધ્યાત્મિક દૃષ્ટિવિચારણા

ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

દિવ્યાંશી અવતારરૂપ શ્રી રામકૃષ્ણ પરમહંસની આધ્યાત્મિક વિચારધારા પ્રેરક, મનનીય ને આચરણીય છે.

**મહાપુરુષો અને જીવન તથા અહંકારના પ્રકાર**

તેઓ કહેતા : "દીવા નીચે અંધારું હોય છે ને દીવાનું અજવાળું દૂર પડતું હોય છે, એ મુજબ મહાપુરુષોની નિકટના લોકો એને સમજી શકતા નથી, પણ દૂરના લોકો એમની મહત્તાથી મુગ્ધ થાય છે. જે રીતે વૃક્ષનાં બીજ એની નીચે ન પડતાં દૂર માઈલોસુધી વેરાઈ જાય છે અને ત્યાં વૃક્ષો ઊગી નીકળે છે. બરાબર એ જ રીતે મહાપુરુષોનો પ્રભાવ દૂર સુદૂર પડતો હોય છે ને તેઓ દૂરનાં લોકોદ્વારા સન્માન પામતાં હોય છે."

વળી તેઓ કહેતા–"જીવ ચાર પ્રકારના હોય છે. નિત્ય મુક્ત, મુક્ત, મુમુક્ષુ અને બદ્ધ. નિત્યમુક્ત જીવ સ્વભાવથી જ માયાની જાળમાં પડતા નથી. મુક્ત જીવ માયાજાળ તોડીને ભાગી જાય છે, મુમુક્ષુ માયાજાળ કેવી રીતે કાપવી તે વિચારી તેમ કરવાની કોશીશ કરે છે, પણ બદ્ધ જીવ તો માયાજાળમાં ફસાઈ જાય છે ને એમાંથી છૂટવાની ચેષ્ટા પણ કરતો નથી, પણ એ કીચ્ચડમાં ખૂંપવા–સંતાવાનો યત્ન કરતો હોય છે. બદ્ધજીવની ઓળખ એ છે કે કામિની–કાંચન સિવાય જગમાં કોઈ બીજી ચીજ હોય છે તેનો તેને ખ્યાલ જ નથી હોતો. એને તો પૈસા કમાવા, ખાવું–પીવું,



અમનચમનમાં મશગૂલ રહેવું ને વંશવૃદ્ધિ કરવી એ વિના જાણે કોઈ બીજો ઉદ્દેશ જ હોતો નથી.

જેમ ભૂત રામ–નામ સાંભળતું નથી તેમ બદ્ધ જીવ ભગવત્કથામાં રસ લેતો નથી. તે તો કહે છે–એ સાંભળવું શા માટે? ચાલો ને, એને બદલે જરા મોજમજા કરી લઈએ. ઘરનું કામકાજ કરીએ. ભગવત્કથા તો ઘડપણમાં સાંભળીશું. ભગવાન શ્રીકૃષ્ણ કરે તે લીલા ને અમે એ કરીએ તો બદમાશી? એવા લોકોની સમક્ષ ખુદ શ્રીકૃષ્ણ ભગવાન મોરમુગટ ધારણ કરી, હાથમાં બંસી ને ડાબી બાજુએ રાધાજીને લઈને પ્રગટ થાય તોપણ તેઓ વિશ્વાસ ન કરે, પણ પૂછે–"કયી નાટક કંપનીના તમે અદાકાર, આવાં સુંદર વેશપરિધાનમાં આવ્યા છો?" અવતારમાં વિશ્વાસ થવાનું કામ કપરું છે.

"અહંકાર જુદા જુદા પ્રકારના હોય છે, કેટલાકને ભણીગણીને પંડિત થયાનો અહંકાર હોય છે, પણ ખરું વિદ્યાધ્યયન કરનાર તો અહંકારહીન હોય છે, એ જ ખરું અધ્યયન છે ને એવા ખરા વિદ્યાધ્યયનથી જ અવિદ્યાનો કીચ્ચડ દૂર થાય છે. વિદ્યાઉપાર્જન કરવાનો ઉદ્દેશ જ એ છે. વિદ્યા તો મહાવિદ્યાનું દર્શન કરાવે છે. પણ જ્યાં પંડિતાઈનું અભિમાન પેસે છે ત્યાં અવિદ્યાની પકડ સખત ને દૃઢ થાય છે. આવા વિદ્યાના અહંકારથી સર્વનાશ થાય છે. અહંકાર ઈશ્વર પ્રાપ્તિના માર્ગમાં કંટકરૂપ છે. અહંકાર જ મૂર્તિમંત અવિદ્યા છે.

તદુપરાંત લક્ષ્મી હોવાનું ય અભિમાન હોય છે. જ્યાં સરસ્વતી ને લક્ષ્મી એ બંને બહેનો હોય ત્યારે તો અહંકારની વાત જ શી? વળી અહંકાર સન્માનનો તથા ઉચ્ચ કુલનો ય હોય છે, અવિદ્યાએ

અલગ અલગ રીતે પોતાનો પ્રભાવ ને રંગ જમાવેલ છે અને એ જીવને પોતાને વશ કરી લે છે.

### બ્રાહ્મધર્મ અને હિંદુધર્મ

બ્રાહ્મધર્મ અને હિંદુધર્મ વચ્ચેનો ભેદ બતાવતાં તેમણે કહ્યું છે, "શરણાઇ વગાડનાર લોકોને જોયા છે? તેને વગાડનાર બે જણ હોય છે, એક જણ શરણાઇમાંથી માત્ર 'પો' ધ્વનિશબ્દ કાઢે છે અને બીજો એમાંથી રાગરાગિણી વગાડે છે. આમાંના બ્રાહ્મલોક માત્ર 'પો' વગાડે છે, પણ સાકારવાદી હિંદુ રાગ-રાગિણી વગાડે છે. રાગરાગિણી વગાડે છે એનું તાત્પર્ય એ છે કે સાકારવાદીગણ ભગવાનને પરમેશ્વર, અખિલેશ્વર, સાકાર, નિરા-કાર—એમ વિવિધરૂપોમાં વિવિધ પ્રકારે જુએ ને આસ્વાદે છે. ભગવાન માટે બધું સંભવિત છે. એ બધું થઇ શકે છે અને બધું થયા પણ ભગવાનને કોઇ સીમિત ન કરી શકે. ભગવાન આ જ છે ને આવા જ છે એ બીજા નથી ને બીજા ન હોઇ શકે. એવો હઠાગ્રહ કરીને કોઇ ન કહી શકે, ભગવાન વિષે એક ખાસ નિયમ બાંધવો, તેનો પ્રચાર કરવો એટલે સીમાહીન ભગવાનને સીમાબદ્ધ કરવા જેવું ને એના સર્વશક્તિમાનપણાને બાધિત કરવા જેવું છે.

### મુક્ત ક્યારે થવાય?

"હુંપદ નષ્ટ થવાથી જ મનુષ્ય મુક્ત થાય છે, મુક્ત ક્યારે થઇએ?—જ્યારે 'હુંપદ' જાય ત્યારે. બદ્ધ અને મુક્ત એવી બે અવસ્થાઓને જાણનાર મન છે, જો મન તમને સમજાવે કે તમે બદ્ધ છો તો તમે બદ્ધ બની જાવ છો અને જો તમને એ સમજાવે કે તમે મુક્ત છો, તો તમે મુક્ત થઇ જાવ છો. મનનો જ બધો ખેલ છે, મન જ તેનું ઇન્દ્રયસ્વરૂપ છે. જ્યાંસુધી મન બદ્ધ છે ત્યાંસુધી સદૈવ સંશયગ્રસ્ત બની રહે છે, એ અવસ્થામાં મનનું નામ સંશય છે અને મુક્ત અવસ્થામાં એનું નામ ચૈતન્ય છે. મન અને બુદ્ધિ એમ બે વસ્તુઓ છે, પણ શુદ્ધાવસ્થામાં એ બંને એક થઇ જાય છે અને એનું નામ છે ચૈતન્ય. ભગવાન મન અને બુદ્ધિથી અગોચર હોવા છતાં ય એનાથી ગોચર થાય છે. એનો અર્થ એ કે તે મનની સંશયયુક્ત અવસ્થાને અગોચર છે તથા શુદ્ધ મન, શુદ્ધ બુદ્ધિ અથવા ચૈતન્યાવસ્થાને ગોચર છે, શુદ્ધ મન, શુદ્ધ બુદ્ધિ અથવા ચૈતન્યની સહાયતાથી એ ચૈતન્યમયીનો સાક્ષાત્કાર થાય છે, જેના ચૈતન્યવડે આ જગત ચૈતન્યમય છે, અને એ સ્થિતિમાં મનબુદ્ધિ કે જે ખંડ ચૈતન્ય છે તે ચૈતન્યમયની સાથે એકરૂપ પણ થઇ શકે છે, જાણે—

મગન હુઆ મનભઁવરા મેરા શ્યામા કે પદ નીલકમલમેં,
પદ કાલા ભઁવરા ભી કાલા, મિલકર દોનો એક હો ગયે.

અર્થાત્ જ્યારે મન શ્યામના પદરૂપી નીલકમલમાં મગ્ન થાય છે, ત્યારે એ ચૈતન્યની અવસ્થા મેળવે છે, ભાવાર્થ એ કે ત્યારે તેનું મન, મન રહેતું જ નથી. ત્યારે એનું નામ હોય છે શુદ્ધ મન યા ચૈતન્ય. ત્યારે એનો પહેલાંનો રંગ બદલાઇને શ્યામાના ચરણો-નો રંગ ધારણ કરે છે. પછી મા ચૈતન્યમયીની સાથે મન ચૈતન્ય એકરૂપ થવાથી કાળામાં કાળું મળી જાય છે. આથી બધી તકલીફ ઝટ દૂર થાય છે, સંસારનો ખેલ ખતમ થાય છે ને તાપમાં તત્ત્વ મળીને એકરૂપ થઇ જાય છે.

### જ્ઞાન અને ભક્તિ

ભક્તિની બાબતમાં શ્રેષ્ઠ દૃષ્ટાંત છે વૃંદાવનના ગોપ—ગોપી. તમે રસગુલ્લાં ખાધાં છે ને ખાંડ પણ ખાધી છે. જો કે બંને ગળ્યાં

છે, તોપણ રસગુલ્લાં ને ખાંડના સ્વાદમાં તફાવત છે, એ જ રીતે જ્ઞાન ને ભક્તિમાં પણ તફાવત છે. ભક્તિ રસગુલ્લાં છે ને જ્ઞાન એ ખાંડ છે, બીજી રીતે કહીએ તો ભક્તિ પુલની બાજુના ફૂટપાથ જેવી છે ને જ્ઞાન એ ફૂટપાથના રેલિંગ જેવું છે. ભક્તિમાર્ગે પર ચાલતા ચાલતા જો કોઈનો પગ ગફલતથી લપસી જાય તો એવી સ્થિતિમાં જ્ઞાન એનું રક્ષણ કરે છે. જ્યાં ભક્તિ છે ત્યાં જ્ઞાન પણ છે, એને માટે યોગ્ય ઉપમા છે જ્વલંત અગ્નિ, જ્યાં પણ જ્વલંત અગ્નિ પ્રજ્વલિત અવસ્થામાં છે ત્યાં વાયુ અવશ્ય જ હશે. ભક્તિની સાથે સાથે જે જ્ઞાન હોય છે, એને ભક્તિમિશ્ર જ્ઞાન કહે છે, અને જ્યાં કેવળ જ્ઞાન છે ત્યાં એ ખાંડ સમાન નિર્મળ, કઠોર તથા કર્કશ છે. જ્ઞાન પુરુષના સ્વભાવ સમાન છે ને ભક્તિ છે સ્ત્રી સ્વભાવસમાન,

બંનેથી ઈશ્વરપ્રાપ્ત થાય છે, છતાં બંનેમાં કંઈક તફાવત છે, એક મોટા માણસના ઘરમાં બેઠકખંડ દીવાનખાનું હોય અને જનાનખાનું હોય, બેઠકખંડ દીવાનખાનામાં સહુ કોઈ આવજા કરી શકે છે, પણ જનાનખાનામાં માત્ર સ્ત્રીવર્ગ જ આવજા કરી શકે છે, પુરુષવર્ગને ત્યાં પ્રવેશવાની મનાઈ હોય છે. બરાબર એ જ રીતે ઈશ્વરનો બેઠકખંડ પણ છે ને જનાનખાનું પણ છે, જ્ઞાન પુરુષવર્ગ જેવું છે. એને માત્ર બેઠક ખંડસુધી જ જવાનો અધિકાર છે. ઈશ્વર જો બેઠકખંડમાં હોય તો જ જ્ઞાન એમના દર્શન કરી શકે છે, પણ એ સિવાય ઈશ્વર જનાનખાનામાંથી બેઠકખંડમાં આવે ત્યાંસુધી તેને રાહ જોવી પડે છે. પણ ભક્તિ સ્ત્રીવર્ગ સમી છે. એ તો ઈશ્વર જનાનખાનામાં હોય તોપણ સીધી ત્યાં જઈ શકે છે અને ઈશ્વરનાં દર્શન કરી શકે છે. આમ, ભક્તિને બેઠકખંડ ને જનાનખાના એમ બંને સ્થળે જવાનો હક્ક હોય છે, પણ જ્ઞાનને જનાનખાનામાં જવાનો હક્ક હોતો નથી. આમ, જ્ઞાન



કે ભક્તિદ્વારા જ્યાંસુધી ઈશ્વરપ્રાપ્ત થતા નથી ત્યાંસુધી જીવાત્મા વિભિન્ન શરીર ધારણ કરતો ને છોડતો રહેશે. એટલે કે જન્મ–મૃત્યુનું ચક્ર ચાલ્યા કરશે.

### કર્મસિદ્ધાંત અને પુનર્જન્મ

જીવાત્મા પરમાત્માના હાથનું પૂતળું છે. જીવાત્મા ખુદ નિજના જન્મમરણ જાણતો નથી. માયાના ખેલની પ્રથા અદ્ભુત છે, તમને જાણ ન થાય એ રીતે માયા તમારી ભીતર ઘૂસીને તમને વાંદરાની જેમ નચાવી રહી છે, જ્યાંસુધી માયાનો ત્યાગ ન થાય ત્યાંસુધી જીવને ઘરમાં દાખલ થઈ શકવાનો કોઈ રસ્તો નથી, ઈહલોક–પરલોક છે. જેમ વસ્તુ પોતાની છાયા લેતી ફરે છે તેમ જીવાત્મા પણ એક જન્મના કર્મફળ ને સ્વભાવને સાથે લઈ પુનર્જન્મ પ્રાપ્ત કરે છે, એક રાજાના ચાર કુંવર હતા, કુંવર બધા મહેલમાં રહે ને રમે, એક વાર એ રાજકુમારો તથા બીજા કર્મચારીઓના પુત્રો રમવા માટે ભેગા થયા. સૌથી મોટા રાજકુમારે કહ્યું : "હું રાજા બનીશ." વચલા રાજકુમારે કહ્યું : "હું પ્રધાન બનીશ." ત્રીજા રાજકુમારે કહ્યું : "હું સેનાપતિ બનીશ." આમ કહી, મોટો રાજકુમાર રાજા બની ઉચ્ચ આસને બેઠો, પ્રધાન બનેલો રાજકુમાર એની બાજુમાં બેઠો અને સેનાપતિ બનેલો રાજકુમાર તેના વિશિષ્ટ વેશમાં બીજા બાકીના છોકરાઓને સૈનિક તરીકે સાથે રાખીને રાજાની સમક્ષ ઊભો રહ્યો, એ વખતે નાના રાજકુમારે એ રમત રમવાની અનિચ્છા બતાવીને પોતાને ગમતી રમત રમવા જણાવીને કહ્યું : " હું તો ભાઈ, એવી રમત રમવા ઈચ્છું છું કે તમે ઊંધા સૂઈ જાવ ને તમારી પીઠ પર હું કપડાં ધોઉં." આવી વાત કરનાર નાનો રાજકુમાર એના પૂર્વજન્મમાં ધોબી હતો, પણ કર્મફળના પ્રભાવે રાજાને ત્યાં જન્મ પામ્યો હતો,

છતાં કપડાં ધોવાના એના પૂર્વજન્મના સંસ્કાર હજુય પ્રબળ હતા.

ચમેલીનું સુગંધી તેલ જુઓ. રાસાયણિક પ્રક્રિયાથી ચમેલીના સુગંધી–કણોમાંથી એ બને છે. તેમ બન્યાથી એમાં ચમેલીનો આકાર નથી રહેતો, પણ ચમેલીનું તત્ત્વ એમાં હાજર હોય છે. ચમેલીની સુગંધ એમાં સારભાગરૂપે રહેલી હોય છે. પહેલાં એ સારભાગનો આધાર ફૂલ હતું. હવે તેલ છે. ચમેલી તેલરૂપ ગ્રહણ કર્યા પછી ય જેવી રીતે ચમેલીની સુગંધ ને તેના ગુણ તેમાં હોય છે તેવી રીતે પહેલાનું શરીર બદલીને બીજું શરીર ધારણ કર્યા પછી ય નવા શરીરમાં પહેલાના જન્મના સ્વભાવગુણ રહેવા પામે છે.

જીવ જો દેહત્યાગ વખતે વાસનાઓ સાથે મરે છે તો એ ભોગવવા માટે તેણે ફરીથી જન્મ લેવો પડે છે, પણ જો ભગવાનનું નામસ્મરણ કરતાં શરીર છોડે છે તો તેને ફરીથી જન્મ લેવો પડતો નથી, જીભથી કે મનદ્વારા અવિરત ભગવાનના નામના જપની ટેવ, એના સ્મરણ–મનનનો મહાવરો, એ જ સાધના છે, સાધનાનો ઉદ્દેશ જ એ છે કે અંતિમ સમયે પરમાત્માનું સ્મરણ થાય. નિદ્રામાં પણ ધન, પુત્ર, ઘર, સંપત્તિના વિચાર વિરામ પામતા નથી, પણ કુંભારના ચાકની જેમ દિનરાત સતત ચાલ્યા જ કરે છે. એને બંધ કરવાનો ઉપાય છે ભગવાનનું નામસ્મરણ, એની સેવા, સંતોનો સંગ, મૂળભૂત તત્ત્વનું સદૈવ ચિંતન, એકાંતવાસ ક્યારેક ને ભગવાનની ઉત્કટભાવે પ્રાર્થના.

**મન–બધાની જડ**

મન જ બધાની જડ છે. મનને બદલવાથી બધું જ બદલાઇ જશે. માત્ર મન જ મદારીના વાંદરાની જેમ શરીરને ભલાબૂરા



બધાં પ્રકારનાં કામોમાં નચાવ્યા કરે છે, એ જે કહે છે તેમ જ શરીરને કરવું પડે છે. મનને કહેવું પડશે, એ મેળવવા માટે વિચાર ન કરે, અને એનું રટણ સેવન ન કર. પછી કહેવું પડશે, આમ આવ, એવું ચિંતન કર. અહીં રહે–આમ કરવાનું નામ જ છે દિશા બદલવી. પ્રવૃત્તિમાર્ગની જેમ નિવૃત્તિમાર્ગમાં ય સંકલ્પ હોય છે, સંગ હોય છે ને કાર્ય પણ છે. પણ પ્રવૃત્તિમાર્ગમાં એ જુદા પ્રકારના હોય છે–બસ, આટલો જ તફાવત છે, મનનો સ્વભાવ છે કે તે વિષયોમાં સોળ આના ઓતપ્રોત રહે. વિષયોથી મનને બચાવવું એ તેટલું જ મુશ્કેલ છે, જેટલું પાણી વિના માછલીને બચાવવાનું કામ, પણ જો કોઇ પણ પ્રકારે એને વિષયોથી મુક્ત કરી ભગવચ્ચિંતનમાં વાળવામાં આવે તો એ પહેલાના વિષયોમાં જવાની ઇચ્છા નહિ કરે. તીવ્ર પ્રવૃત્તિમાર્ગથી વાળીને એને નિવૃત્તિના માર્ગે લાવવામાં આવે તો પ્રવૃત્તિના માર્ગે એ નહિ જાય, આદત પડવાથી કદાચ ક્યારેક એ તરફ જાય એકાદ વાર, તો તરત જ એ પાછું ત્રણ ગણા વેગથી નિવૃત્તિમાર્ગે ફરશે.

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**
"સ્વર્ગારોહણ"
**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫૧૧૦
એસ. ટી. ડી. ૦૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯

**યોગની સાધના**

પ્રાણાયામથી પ્રાણની શુદ્ધિ થવાથી મનની સ્થિરતા-માં પણ મોટી મદદ મળે છે. શરીરને નીરોગી તથા સુદૃઢ કરવામાં તે મોટો ભાગ ભજવે છે. કેટલાક રોગો પણ અમુક પ્રકારના પ્રાણાયામથી દૂર થાય છે. એટલે કંઈ નહિ તો સાદા પ્રાણાયામ કરતાં શીખવું એ સર્વના હિતમાં છે.

યોગેશ્વરજી

સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડો. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

**"નિરાંત"**

૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩



પોલ બ્રન્ટનની

# મહર્ષિ સાથેની મુલાકાત

(ગયા અંકથી આગળ) મૂળ લેખક : પોલ બ્રન્ટન
અનુવાદ : યોગેશ્વર

'અધ્યાત્મમાર્ગમાં શિખાઉ સાધકોએ જ ધ્યાન માટેનો અલગ વખત રાખવો પડે છે.' એમણે ઉત્તર આપ્યો : 'જે આગળ વધે છે તે તો કામ કરતો હોય કે ન કરતો હોય તોપણ, ઊંડી આત્મિક શાંતિનો કે ધન્યતાનો અનુભવ કરે છે. એનું શરીર સમાજમાં કામ કરતું હોય છે ત્યારે પણ, એનું મગજ એકાંતનો અનુભવ કરતાં ઠંડું રહે છે.'

'તો પછી તમે યોગમાર્ગનો ઉપદેશ નથી આપતા?'

'રબારી બળદને લાકડીથી હાંકે છે તેમ, યોગી પોતાના મનને ધ્યેય તરફ વાળવાની કોશિશ કરે છે. પરંતુ આ માર્ગમાં સાધક બળદને ઘાસ બતાવીને પટાવે છે.'

'એ કેવી રીતે?'

'તમારે તમારી જાતને 'હું કોણ?' એ પ્રશ્ન પૂછવાનો છે. એ સંશોધનને પરિણામે તમારી અંદરની મનથી પરની વસ્તુની પ્રાપ્તિ કરી લેશો. એ મોટી સમસ્યાનો ઉકેલ કરવાથી બીજી બધી સમસ્યાઓ ઊકલી જશે.'

હું શાંત રહીને એમનો ઉત્તર સમજવાની કોશિશ કરવા માંડયો. ભારતનાં કેટલાંય મકાનોમાં જોવા મળતી સમચોરસ ખુલ્લી, બારીનું કામ કરતી જગ્યામાંથી પવિત્ર પર્વતના ઢોળાવાનું

સુંદર દૃશ્ય દેખાતું હતું. એની અનોખી આકૃતિ વહેલી સવારના સૂર્યપ્રકાશમાં સ્નાન કરી રહી હતી.

મહર્ષિએ મને ઉદ્દેશીને ફરી વાર કહ્યું :

'એ જ વાત બીજી રીતે કહું તો વધારે સારી રીતે સમજાશે. બધા મનુષ્યો સદા શોકરહિત સુખની ઇચ્છા રાખે છે. જેનો નાશ ન થાય એવું સુખ મેળવવાની એમની આકાંક્ષા છે. એ વૃત્તિ સાચી છે. પરંતુ તમને કદી એ હકીકતનો ખ્યાલ આવ્યો છે કે એ બધા એમની જ જાતને સૌથી વધારે ચાહે છે?'

'ઠીક...!'

'હવે એ હકીકતના સંદર્ભમાં એનો વિચાર કરો કે એક યા બીજી રીતે, ધર્મના પાલનદ્વારા કે કેફી પીણાદ્વારા, સૌની ઇચ્છા હમેશાં સુખ મેળવવાની હોય છે, તો મનુષ્યના સાચા મૂળ સ્વભાવની કૂંચી તમને મળી જશે.'

'મને કાંઇ ન સમજાયું.'

'એમનો અવાજ જરા મોટો થયો.'

'સુખ માણસનો સાચો સ્વભાવ છે. આત્મામાં સુખ કુદરતી રીતે જ રહેલું છે. એટલે સુખ માટેની માણસની શોધ એના પોતાના મૂળસ્વરૂપ અથવા આત્માની અજ્ઞાત શોધ જ છે. આત્મા અવિનાશી છે. એટલા માટે માણસ જ્યારે એની પ્રાપ્તિ કરે છે ત્યારે જેનો નાશ ન થાય એવા સુખની પ્રાપ્તિ પણ કરી લે છે.'

'પરંતુ જગત ઘણું દુ:ખી છે.'

'હા. પરંતુ એનું કારણ એ છે કે જગત પોતાના સાચા સ્વરૂપથી અજાણ છે. કોઇ જાતના અપવાદ વગર બધા માણસો



જાણ્યે કે અજાણ્યે, એની જ શોધ કરી રહ્યા છે.'

'દુષ્ટ, ક્રૂર અને અપરાધી પણ?' મેં પૂછ્યું.

'એ પણ એટલા માટે જ પાપ કરે છે કે પ્રત્યેક પાપદ્વારા એ આત્માનું સુખ મેળવવાનો પ્રયાસ કરે છે. એ પ્રયાસની પ્રેરણા માણસમાં કુદરતી રીતે જ રહેલી છે, પરંતુ એમને ખબર નથી કે એ પોતાના મૂળસ્વરૂપની શોધ કરે છે; એથી સુખના સાધન તરીકે પહેલાં એ પેલો મેલો માર્ગ અજમાવે છે. અલબત્ત, એ પદ્ધતિઓ ખોટી છે, કારણ કે માણસનાં કર્મોનો બદલો જરૂર મળે છે.

'તો પછી એ સત્ય સ્વરૂપનું જ્ઞાન થશે ત્યારે જ આપણે સનાતન સુખનો અનુભવ કરી શકીશું?'

મહર્ષિએ માથું હલાવ્યું.

સૂર્યના પ્રકાશનું એક ત્રાંસું કિરણ પોલિશ કર્યા વિનાની બારીમાંથી અંદર આવીને મહર્ષિની મુખાકૃતિ પર પડી રહ્યું. એમના સ્વસ્થ કપાળમાં સંપૂર્ણ શાંતિ હતી, એમની મજબૂત મુખાકૃતિની આજુબાજુ સંતોષ હતો, અને એમનાં તેજસ્વી નેત્રોમાં મંદિર જેવી નીરવતા હતી. એમનો કરચલી વગરનો ચહેરો એમના અનુભવના ઊંડાણવાળા શબ્દોને સાચા ઠરાવતો હતો.

ઉપરથી તદ્દન સીધાંસાદાં દેખાતાં વાક્યોદ્વારા મહર્ષિ શું કહેવા માગતા હતા? દુભાષિયાએ અંગ્રેજીમાં એમનો ઉપલક અર્થ જરૂર કરી બતાવ્યો, પરંતુ એમની પાછળનો ગૂઢાર્થ એનાથી ભાગ્યે જ કહી શકાયો. મને લાગ્યું કે તે તો મારે પોતે જ શોધી કાઢવો પડશે. મહર્ષિ કોઇ ફિલસૂફની પેઠે અથવા તો પોતાના સિદ્ધાંતને સમજાવવાની કોશિશ કરનાર પંડિતની પેઠે નહોતા બોલતા, પણ

પોતાના દિલના ઊંડાણમાંથી બોલી રહ્યા હતા. એ શબ્દો એમના પોતાના જ અસાધારણ અનુભવના સૂચક નહોતા?

'તમે જેનો ઉલ્લેખ કરી રહ્યા છો તે સ્વરૂપ સાચેસાચ શું છે? તમે જે કહ્યું તે સાચું જ હોય તો તો માણસનું બીજું સ્વરૂપ પણ હોવું જોઇએ.'

એમના હોઠ પર એકાદ ક્ષણ સ્મિત ફરી વળ્યું.

'માણસનાં બે સ્વરૂપ હોઇ શકે?' એમણે કહેવા માંડયું : 'આ વિષય સમજવા માટે માણસ માટે સૌથી પહેલી આવશ્યકતા પોતાની જાતનું પૃથક્કરણ કરવાની છે, બીજા માણસોની પેઠે એ લાંબા વખતથી વિચાર કરવા ટેવાયેલો હોવાથી, એણે પોતાના 'હું' વિશે સાચી રીતે નથી વિચાર્યું. એને પોતાનો સાચો ખ્યાલ નથી. લાંબા વખતથી એ પોતે શરીર તથા મન છે એવું માને છે. એથી જ હું તમને 'હું કોણ'ની શોધ કરવાની ભલામણ કરું છું.'

એમની વાત હું સારી પેઠે સમજી શકું એટલા માટે એ થોડી વાર અટક્યા. મેં એમનાં આગળનાં વાક્યો આતુરતાપૂર્વક સાંભળવા માંડયાં :

'તમે ઇચ્છો છો કે એ સત્યસ્વરૂપનું વર્ણન કરી બતાવું પરંતુ શું કહું? એની અંદરથી જ વ્યક્તિગત 'હું'નો ઉદય થાય છે, અને એની અંદર જ એને વિલીન થવાનું છે.'

'વિલીન થવાનું?' મેં સામેથી પડઘો પાડયો : 'પોતાના વ્યક્તિત્વની લાગણી માણસ કેવી રીતે છોડી શકે?'

'પ્રત્યેક માણસના મનમાં પેદા થતો સૌથી પહેલો, અસલ અને આગળ પડતો વિચાર 'હું'નો વિચાર છે. એ વિચારના



જન્મ કે ઉદ્‌ભવ પછી જ બીજા બાકીના વિચારો જન્મી શકે છે. મનમાં 'હું'નો ઉદ્‌ભવ થાય છે તે પછી જ તું કે તમે પેદા થઇ શકે છે. 'હું'નો માનસિક રીતે આધાર લઇને જો તમે તેના મૂળ સુધી પહોંચી જશો તો તમારી ખાતરી થશે કે જેવી રીતે એ સૌથી પહેલા વિચાર તરીકે પેદા થાય છે તેવી રીતે સૌથી આખરે અદૃશ્ય પણ થાય છે. એ વસ્તુનો અનુભવ કરી શકાય તેમ છે.'

'તમે એમ કહેવા માગો છો કે પોતાની અંદર એવું માનસિક સંશોધન કરવાનું સંપૂર્ણપણે શક્ય છે?'

'અવશ્ય. 'હું'નો છેલ્લો વિચાર ક્રમે ક્રમે વિલીન થાય ત્યાંસુધી અંદર ઊતરવાનું શક્ય છે.'

'પછી શું બાકી રહે છે?' મેં પૂછ્યું : 'એ પછી માણસ એકદમ અચેત બની જશે કે મૂર્ખ બનશે?'

'હુંપણાની વૃત્તિ એની જ સાથે સંબંધ ધરાવે છે ને? મેં ચાલુ રાખ્યું.

'હુંપણાની વૃત્તિનો સંબંધ તો માણસની જાત સાથે, શરીર અને મગજ સાથે છે.' મહર્ષિએ શાંતિથી ઉત્તર આપ્યો : 'માણસ-ને સૌથી પહેલી વાર પોતાના સત્યસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે ત્યારે એના અંતરના ઊંડાણમાંથી કોઇક જુદી જ વસ્તુ બહાર આવે છે અને એના ઉપર અધિકાર જમાવે છે. એ વસ્તુ મનથી અતીત હોય છે. અનંત, અલૌકિક અને અવિનાશી હોય છે. કેટલાક લોકો એને સ્વર્ગના સામ્રાજ્ય તરીકે ઓળખે છે, બીજા કેટલાક એને આત્મા કહે છે, કોઇ વળી નિર્વાણનું નામ આપે છે, અને અમે હિંદુઓ એને મોક્ષ કહીએ છીએ. તમે તેને તમારી મરજી મુજબનું નામ આપી શકો છો. એનો અનુભવ થાય છે

ત્યારે માણસ ખરી રીતે જોતાં પોતાની જાતને ગુમાવતો નથી, પરંતુ પોતાને શોધી કાઢે છે.'

દુભાષિયાના મુખમાંથી નીકળેલા છેલ્લા શબ્દો સાંભળીને, ગેલીલીમાં પેલા પરિભ્રમણ કરતા ગુરુએ ઉચ્ચારેલાં ચિરસ્મરણીય વચનો મારા સ્મૃતિપટ પર તાજાં થયાં. એ વચનોએ કેટલાય સજ્જનોને આશ્ચર્યચકિત કર્યાં છે : 'જે પોતાના જીવનને બચાવવાની કોશિશ કરશે તે તેને ખોઇ નાંખશે; અને જે પોતાના જીવનને ખોશે તે તેને સાચવી શકશે.'

બંને વાક્યોમાં કેટલી બધી આશ્ચર્યકારક સમાનતા છે! છતાં પણ ભારતીય સંતની માન્યતા બિનખ્રિસ્તી માર્ગે પેદા થયેલી છે. એ પોતાના સિદ્ધાંત પર અત્યંત અઘરા અને અસામાન્ય લાગતા માનસિક વિકાસના માર્ગદ્વારા પહોંચી ચૂક્યા છે.

(ક્રમશઃ)

O

**'રામકથા'**

**આ અંકમાં સ્થળ સંકોચને લીધે, 'રામકથા' મૂકી શક્યા નથી, તો વાંચકો ક્ષમા કરે.**

**—તંત્રી**



# શાંતિનાથ

સ્વામી કૃષ્ણાનંદ

ઈ. સ. ૧૯૫૩ ની સાલ—

સંધ્યાના રંગો ઓલવાતા હતા. રાત્રિનું તમિસ્ર આવરણ અવનિને આચ્છાદિત કરતું હતું. તેવા સંમોહક સંધિકાળે પરિભ્રમણ કરતો કરતો હું, જામનગર અને પોરબંદરની વચમાં આવેલા લાલપુરથી દોઢેક માઇલના અંતરે સ્થિત કાશીવિશ્વનાથના પ્રાંગણમાં પ્રવેશ્યો.

ભભૂતિ અને ભગવાં ધારણ કરતો શાંતિનાથ નામનો એક જુવાન માણસ તે સ્થળનો એક માત્ર નિવાસી હતો. છેલ્લાં બારેક વરસોથી ત્યાં આવીને એ વસ્યો હતો. મૂળ તો એ પંજાબથી દ્વારિકાની જાત્રાએ એના ગુરુદેવ સાથે આવેલો અને કોઇ ને કોઇ કારણસર સૌરાષ્ટ્રમાં જ પોતાના ધામા નાંખવાનું પસંદ કરેલું. લાલપુર અને તેની આસપાસના ગામડાંના પ્રેમાળ લોકોએ શાંતિનાથની એ મંદિરમાં રહેવાની ઈચ્છાને વધાવી લીધેલી અને આનંદ પણ વ્યક્ત કરેલો. પોતે પવિત્ર મંત્ર-જાપ કરવામાં અને પૂજાપાઠમાં સારો એવો સમય વ્યતિત કરતો હોવાને કારણે લોકોને એનામાં ભગવાન શંકરના એક સારા ભક્તનું દર્શન થયેલું. આવી રીતે ત્યાં આગળ શાંતિનાથે પોતાનો મુકામ સંગીનપણે જમાવ્યો હતો.

મારે એને પ્રથમ મળવાનું થયું ત્યારે એણે મને કંઇક અણગમાના ભાવ સાથે અને શુષ્ક રીતે આવકાર આપ્યો. ગમે તેમ

પણ અમને બંનેને જુદા જુદા લોકો અને જુદા જુદા સ્થળો વિષે વાતો કરવાનું થોડા સમયમાં જ સારી રીતે ફાવી ગયું. અમારી વચ્ચે કુલુખીણના વાતાવરણ સંબંધી વાતો ચાલતી હતી. ત્યારે એણે અમારી વાતોને અધવચમાં જ એકદમ અટકાવી અને એકી શ્વાસે કહ્યું, "હવે તો આ બધી વાતો અહીંયા જ પડતી મૂકીએ. આજ સવારથી જ તેં કંઇ પણ ખાધું નથી એટલે પહેલાં તો તારે માટે મારે કંઇ ખોરાકનો પ્રબંધ કરવો જોઇએ." ખોરાક કે ભૂખ સંબંધમાં મને કંઇપણ વિચાર આવ્યો જ નહોતો. હું સારી રીતે જાણતો હતો કે એકાદ ટંક ખાધું ન ખાધું હોય તો તે વાત કંઇ મોંઢા ઉપર વ્યક્ત થતી નથી. આમ છતાં સવારથી મેં કંઇ ખાધું નથી એ વાત એ શી રીતે પામી શક્યો હશે એમ મને થવા લાગ્યું.

શાંતિનાથ સ્ફૂર્તિપૂર્વક ઊભો થયો. કેટલાક પંથના સાધુઓ ચોવીસ કલાક જેવા પ્રકારની ધૂણી ધખાવેલી રાખે છે, તેવા પ્રકારની એક બળતી ધૂણી પાસે જઇને કંઇક ઉચ્ચારણ કરવા લાગ્યો. પછી નીચા નમી એણે અગ્નિમાં હાથ નાંખ્યો અને એમાંથી એક ઢંકેલી થાળી કાઢી. એ થાળી એણે મારી સામે મૂકી અને મને આહાર કરવા કહ્યું. જમતાં પહેલાં હાથપગ ધોવાની મને ઇચ્છા થઇ. અમે બેઠા હતા ત્યાંથી થોડેક જ દૂર આવેલા એક કૂવા તરફ જવા માટે હું ઊઠયો. શાંતિનાથે તરત જ પોતાનો હાથ ફરકાવી મને જતો અટકાવ્યો. મારી ખુલ્લી આંખો સામે ત્યાં એક ચમત્કારિક ઘટના આકાર લેવા લાગી.

કૂવા પર પડેલી એક ડોલ આપોઆપ ધીમે રહી ઊંચકાઇને અદ્ધર થઇ અને ઊંચે જઇ ગરગડીના આધારે પાણી ભરવા માટે કૂવામાં સરકવા લાગી. હું પોતે કોઇ પણ પ્રકારના માનસિક કે



દૃષ્ટિભ્રમમાં તો ન જ હતો. એટલે આ ચમત્કાર જોઇ આભો જ બની ગયો. પાણી ભરાતાં પહેલાં સામાન્ય રીતે પાણી પર ડોલ પછડાવાનો અવાજ આવે તેવો અવાજ પણ સ્પષ્ટ રીતે સંભળાયો. પછી દોરડું ઉપર ખેંચાઇને બહાર ફેંકાવા લાગ્યું અને એની સાથે જ ડોલ પણ ઉપર આવતી જણાઇ. તે જ વખતે પોતે ડોલને પોતાની પાસે બોલાવવાનો સંકેત કેમ ન કરતો હોય તેમ શાંતિનાથે પોતાના હાથ લંબાવ્યા. ડોલ પણ મારી દિશામાં આવવા લાગી. આશરે ચાલીસેક ફૂટ સુધી સરતી સરતી એ ડોલ આવી અને પ્રતીક્ષા કરતા શાંતિનાથના હાથમાં આવીને ગોઠવાઇ ગઇ. આ બધું અત્યંત આશ્ચર્યકારક રીતે બન્યું. ગુરુત્વાકર્ષણના નૈસર્ગિક નિયમ ઉપરનો આ સરાસર વિજય જ હતો. આશ્ચર્યમુગ્ધ બનેલા મેં હાથ મોં ધાયો પછી હું ખાવા બેઠો. થાળી ઊઘાડીને જોયું તો એમાં તળેલી પુરી, બટાકાનું શાક અને ગળ્યા દૂધથી ભરેલો કટોરો, એમ બધું હતું.

અગ્નિની પવિત્ર ધૂણી હમેશાં ધખતી રાખી એમાં હળવા પ્રકારનું ભોજન તૈયાર કરવાની અને તૈયાર વાનગીઓ એમાં મૂકી રાખી ગમર ગરમ રાખવાની પ્રથા આમ તો સાધુઓ માટે લગભગ સામાન્ય હતી. એટલે એ ધૂણીમાંથી મારા ભોજન માટે ઢાંકી રાખેલી થાળી કાઢવામાં આવી એ વાતમાં તો મને કંઇ પણ આશ્ચર્યકારક ન લાગ્યું. પરંતુ મારી એંઠી થાળી માંગ્યા વગર શાંતિનાથે એ જ પવિત્ર ધૂણીમાં પાછી શા માટે મૂકી દીધી એ વાતનો ભેદ મને બરાબર સમજાયો નહીં. સામાન્ય રીતે સાધુ-ઓની જમાતમાં આ પ્રમાણે કરવામાં આવતું નથી. મને તક મળી કે તરત જ મેં એ ધૂણીના ખાડાની રચના તપાસવા માટે અને એમાં શું છે તે જાણવા માટે તેમાં નજર નાંખી, પણ થોડા ઘણા

બળતા અંગાર સિવાય એમાં બીજું કંઇ જ જણાયું નહીં. પેલી થાળી પણ ન હતી. હું વિસ્મયથી અવાક્ બની ગયો.

જાણે અરેબીઅન નાઇટ્સની અજાયબીભરી દુનિયામાં ન હોઉં તેવું મને લાગ્યું! સાથે સાથે ત્યાંનું વાતાવરણ પણ કોણ જાણે કેમ એક પ્રકારની ગ્લાનિ અને અણગમાની લાગણી પ્રગટાવતું હતું. શાંતિનાથ પોતે જ કોઇ ઉરાંગઉટાંગ માણસે જેવો લાગતો હતો. એનું સમસ્ત તંત્ર જ જાણે કોઇ ઉત્તેજના અનુભવતા માણસની માફક કામ કરતું હતું. એનામાં સ્થિરતાનો અભાવ હતો. કોઇ પણ એક સ્થળે એનાથી લાંબા કાળ સુધી બેસી શકાતું નહીં.

શાંતિનાથ ફરીથી ઊઠયો. નાકે જઇ લાંબા ઢાળિયાના અંધારા ખૂણામાં બેઠો. થોડી વાર પછી એણે મને સંગાથ આપવા માટે બોલાવ્યો. હું ગયો. "ચંદ્રકિરણોમાં સ્નાન કરતા મંદિરના બીજા મનોહર સ્થળો છોડીને આવી અંધારી જગા એણે શા માટે પસંદ કરી હશે?" એ વિચારમાં ને વિચારમાં એણે બતાવેલી જગ્યાએ જઇને હું બેઠો. એ માણસની પ્રત્યેક ક્ષણ મારે માટે એક કોયડારૂપ બની ગઇ.

ગળું ખંખેરી શાંતિનાથ બોલ્યો, "હું ઘણા સમયથી તારા જેવી બુદ્ધિમત્તા અને દક્ષતા ધરાવતી વ્યક્તિની શોધમાં હતો. મારે એક અત્યંત લાભદાયી પ્રસ્તાવ રજૂ કરવાનો છે. તું પણ અવિચારીપણે નકાર કરી હાથમાં આવેલી આ સોનેરી તકને સરી જવા ન જ દઇશ એમ હું આશા રાખું છું. જે ઢબે એણે વાતની રજૂઆત કરી તેના પરથી જ એના મગજમાં ચાલી રહેલી કોઇ હલકા પ્રકારની યોજનાની ગંધ મને આવી ગઇ. વાતમાં તંતુને લંબાવતાં એણે ઉમેર્યું, "જો, વાત એમ છે કે ઘણા લાંબા કાળની સાધના પછી મેં



વિપુલ પ્રમાણમાં શક્તિની સમૃદ્ધિ પ્રાપ્ત કરી છે. તેનો વધુ પડતો ભાર હળવો કરવા અને કંઇક જનસમાજને પણ એનો લાભ મળે એ હેતુથી હું થોડીક શક્તિઓ તારામાં સંક્રાંત કરવા માંગું છું. પ્રણાલિકાગત વિધિથી એ શક્તિઓ સંક્રાંત કરવા માંગું છું. પ્રણાલિકાગત વિધિથી એ શક્તિઓ સંક્રાંત થયા બાદ, જેવા પ્રકારના ચમત્કારિક પ્રયોગો નિહાળવા હમણાં જ તું ભાગ્યશાળી થયો તેવા જ ચમત્કારિક પ્રયોગો કરવા તું પણ શક્તિમાન થઇશ." પ્રસ્તાવ ખૂબ લલચાવનારો હતો. આધ્યાત્મિક જીવનની આટલી ટૂંકી અવધમાં જ આવી હેરત પમાડનારી શક્તિનો વારસો પ્રાપ્ત કરવાની કલ્પનાએ મારામાં ઉત્તેજના ભરી દીધી.

આધ્યાત્મિક વ્યક્તિઓ અને તેમની વિસ્મયકારક શક્તિઓ જેવી વાતો સાથે સંબંધ ધરાવતી ઉચ્ચ ભૂમિકા અંગેની હકીકતોનું મારું જ્ઞાન ઘણું અલ્પ હતું અને એ બધી બાબતોમાં હું હજી નવો સવો હતો. એટલે સ્વાભાવિક રીતે જ આ પ્રસ્તાવથી હું મુગ્ધ બની ગયો અને એમાં ફસાયો. શાંતિનાથનો મેં પ્રસંગોચિત આભાર માન્યો અને જે શક્તિનું સંક્રમણ કરવા માટે એણે આટલી બધી ઉદારતાથી પ્રસ્તાવ કર્યો હતો, તે શક્તિના સંક્રમણ માટે મેં મારી જાતને ચરણે ધરી દીધી. પરંતુ શાંતિનાથની મુખમુદ્રા એ પ્રસ્તાવ રજૂ કરતી વખતે પણ ઘેરાયેલી અને સંવેદનરહિત હતી. કંઇ આપી દેવાનો પ્રસ્તાવ કરનાર ઉદાત્ત વ્યક્તિના વર્તનમાં જે એક પ્રકારની હળવાશ અને ચેતના વરતાય છે, તેનો શાંતિનાથમાં સદંતર અભાવ હતો.

ઠીક ઠીક સમય સુધી અમે આડીઅવળી ઘણી વાતો કીધી. એની વાતોમાં ઉત્તેજક ઊંડાણનો અભાવ હતો. થૂંક ઉરાડતાં એણે જે જે વાતો કરી તે બધાની ચકાસણી કરતા મને એમ લાગ્યું કે ક્યાં તો આ માણસનો માનસિક વિકાસ સંગીન રીતે થયો નથી

અથવા તો ભગવાં વસ્ત્રોમાં સજ્જ હોવા છતાં આ માણસ આસ્તિક નથી, અધ્યાત્મવિદ્યાનો સાધક પણ નથી. છતાં એની પાસે શક્તિનો ભંડાર હતો એ વાત પણ એટલી જ સ્પષ્ટ હતી, સાથોસાથ એના સંબંધમાં કંઇકને કંઇક શંકાસ્પદ હતું એ વાતની ગંધ પણ આવ્યા વગર રહેતી ન હતી. ટૂંકમાં એ માણસ સામાન્ય ન હતો અને સાથે જ અધ્યાત્મ સાધનાની દૃષ્ટિએ અસામાન્ય પણ ન હતો. બધું ખૂબ પરસ્પર વિરોધી હતું અને છતાં પણ હું? હું તો શક્તિશાળી અને લોકપ્રિય બનવાની આશામાં ને આશામાં એ નિશ્ચેતન છત્રછાયામાં પડયો હોઉં એમ મને લાગતું હતું. અમારી વાતો ચાલતી હતી ત્યાં ઓચિંતો જ શાંતિનાથ અટક્યો, ઊભો થઇ ગયો અને જાણે કોઇએ તાબડતોબ ન બોલાવ્યો હોય તેમ એના ભોંયરાના પેટાળમાં ઉતરી ગયો. 'એવું તે શું થઇ ગયું હશે!' એ વિચારે આશ્ચર્યમાં હું ગરકાવ થઇ ગયો.

મને છોડીને એ આમ ચાલ્યો ગયો એટલે મેં મારી પથારી લંબાવી અને સૂવા માટે પ્રયત્ન કર્યો. પરંતુ આ વાતાવરણ જ એવું હતું કે તે દિવસે ઘણે લાંબે સુધી ચાલવાને કારણે હું શ્રમિત થયો હોવા છતાં રાતે મને સ્વસ્થપણે નિદ્રા ન આવી તે ન જ આવી. નિયમ પ્રમાણે હું બીજે દિવસે વહેલી સવારે જાગ્યો તો ખરો પણ માનસિક લાગણીમાં ચેતનાનો અને પ્રફુલ્લિતતાનો અભાવ જ હતો. એ ગમે તેમ હોય પણ સવારની રોજિન્દી ક્રિયાઓ મેં ઉતાવળે ઉતાવળે પતાવી. આ વખતે પરોઢ થવા આવ્યું હતું. અને અરુણોદયના તાજાં કિરણો અંધકારને ઓગાળી રહ્યાં હતાં. પંખીઓની પાંખો અવિરતપણે ફફડી રહી હતી. પછી મારી પાસે જે સમય ફાજલ હતો તેનો સદુપયોગ કરવાના હેતુથી હું શિવાલય તરફ ગયો.

પણ હા? એ માર્ગ પર કેટલી બધી ધૂળ અને કેટલો બધો



કચરો! કદાચ મહિનાના મહિનાઓ સુધી એ બધું જાણે ભેગું થયું ન હોય! એ જોઇ મને આશ્ચર્ય અને દુઃખ થયું. એક ભગવા વસ્ત્રધારીના હસ્તક હોવા છતાં, આ શિવાલયના આવા હાલ જોઇ મને ખૂબ જ વિચિત્ર લાગ્યું. સામાન્ય રીતે તો દરેક મંદિરોમાં થાય છે તે પ્રમાણે નિયત વિધિથી થતી પજાનો નિયમિત ક્રમ ત્યાં જળવાવો જોઇતો હતો. આગલી સાંજે પણ ત્યાં પૂજનવિધિ થઇ નહીં હોય તેનો ખ્યાલ પણ મને ત્યારે જ આવ્યો. શણગારેલા શિવલિંગ સમક્ષ પ્રાયઃ ઘંટારવ, નગારાં અને સ્તુતિગાનની સાથે સાથે સંધ્યાકાળે આરતી પણ થવી જોઇએ. કોઇ નાસ્તિક કે અર્ધદગ્ધ વેદાન્તના સ્થાનકમાં જ આવા પ્રકારની બેદરકારીભર્યા હાલહવાલ જોવાના મળે.

અલબત્ત, એ પણ સાચું છે કે આધ્યાત્મિક વિકાસની ઉચ્ચતર ભૂમિકાએ ઘેલછા કે અભાવની લાગણીના રંગમાં રંગાયા વિના જ, આપણા બધામાં સામાન્યપણે મૂર્તિપૂજા પરત્વે સહજ રીતે જ ઉપેક્ષા કેળવાયા વિના રહેતી નથી. ઉચ્ચ ભૂમિકાએ ઊભેલી વ્યક્તિ સુધ્ધાં જ્યારે મંદિરવાળી જગ્યામાં રહે છે ત્યારે મંદિર અપૂજ, અસ્વચ્છ કે અવ્યવસ્થિત ન રહે એટલી કાળજી તો અવશ્ય રાખે જ છે. શાંતિનાથે એ મંદિર તરફ સેવેલી બેદરકારીના કારણો શોધવાની ગડભાંજમાં ઉતરવાની વાતને મેં તિલાંજલિ આપી અને હું સાફસૂફીના કામમાં ગૂંથાયો. મેં અડધું કામ કર્યું હશે એટલામાં શાંતિનાથ જ ત્યાં આવી પહોંચ્યો. મારા તરફ વિચિત્ર દૃષ્ટિપાત્ કરીને "ચાલ, ચાલ, હવે રહેવા દે" કહી પેલા ઢાળિયા તરફ મને ઢસડી ગયો.

પેલા પવિત્ર અગ્નિની ધૂણી પાસે અમે બેઠા. પછી શાંતિનાથે મને શપથવિધિ કરાવી દીક્ષિત કરવાની તૈયારીઓ કરવા માંડી. એક ઇલ્મી પુરુષ તરીકે મારું હમણાં જ રૂપાંતર થશે એ વિચારે

હું તો ઘેલો ઘેલો થઇ ગયો અને એ લાગણીનો સંચાર થતાંની સાથે જ એક તીવ્ર ઉત્તેજનાનો કંપ પણ મેં અનુભવવા માંડયો. શપથવિધિ કરાવતી વખતે પ્રણાલિકા પ્રમાણે જેમ કરાવવામાં આવે છે તેમ, એણે મારા જમણા હાથની અંજલિમાં થોડું પાણી આપ્યું. પછી એણે એક કાગળનો ટૂકડો મારા હાથમાં મૂક્યો અને એમાં લખ્યા પ્રમાણે બોલવા અને તે પછી, અંજલિમાંનું જલ ધૂણિમાં છાંટી દેવા કહ્યું. શપથના શબ્દો હતા, "હું કૃષ્ણાનંદ, આથી ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા કરું છું કે હવે પછી મારા શેષ આયુષ્યના સમસ્ત કાળપર્યંત, હું વેદોપવેદના ઉપદેશો અને તેના વિધિનિષેધોથી અલિપ્ત રહીશ. અર્થહીન એવા વેદોપવેદના પ્રભાવમાંથી બની શકે તેટલા તમામને મુક્ત રાખવા મારાથી શક્ય તે તમામ પ્રયત્ન કરીશ. જે સંપ્રદાયમાં હું હમણાં જ દીક્ષિત થનાર છું તે સંપ્રદાયનો હું વફાદારીપૂર્વક પ્રચાર કરીશ." આ સાંભળીને તો મારા હોશકોશ જ ઊડી ગયા. મેં કહ્યું, "મુરબ્બીશ્રી, માફ કર. તારી શપથવિધિના આ પાઠથી તો જાણે હું વીંધાઇ જાઉં છું. કોઇ પણ પ્રકારના પાર્થિવ લાભ માટે વેદસૂચિત એ ઉજ્જ્વલ પંથની અવહેલના કે ત્યાગ મારાથી કદાપિ કરી શકાય નહીં." મારો આ તીવ્ર કટાક્ષ સાંભળી એની ખીલી રહેલી મુખમુદ્રા ઉપર નિરાશાની ઓટ આવી ગઇ. ગુસ્સામાં ને ગુસ્સામાં એ ભયંકર આવેશમાં આવી જઇ મને શાપ આપતાં બોલી ઊઠયો, "અલ્યા નીચ! કાળું કર અહીંથી. કહું છું કે બીજે ગામ પહોંચતાં પહેલાં જ તું આંધળો બની જઇશ." અને એના આ અવિચારી ઉદ્ગારો વિષે વિચાર કરતાં કરતાં મેં શાંતિનાથનું એ સ્થાનક છોડયું. પોરબંદરનો પંથ પકડયો અને ચારેક માઇલ દૂર આવેલા બીજા ગામે પહોંચી ગયો. (ક્રમશઃ)

## મન અને ઇંદ્રિયોને જીતનારે જગત જીતી લીધું.

મન ને ઇન્દ્રિયોને જીતનારે આખા જગતને જીતી લીધું એમ જ માની લેવું. જગતને જીતવા માટે જે શક્તિ જોઇએ છે તેથી વધારે શક્તિ પોતાની જાતને જીતવા કે વશ કરવા જોઇએ છે. સાચી શાંતિ પણ એથી જ અથવા એને પરિણામે જ મળી શકે છે. એ શાંતિનો અક્ષયભંડાર માણસની પોતાની અંદર જ પડેલો છે. પરંતુ તેને મેળવવાની મહેનત કરવાને બદલે, તેને ભૂલીને, તે પોતાની બહારની દુનિયામાં ફર્યા કરે છે ને ફાંફાં મારે છે. પરિણામે તે નાસીપાસ થાય છે, નિષ્ફળ જાય છે, ને અશાંતિનો અનુભવ કરે છે. બહારની દુનિયાની સાથે સાથે, એથી જરા પણ ઉતરતી, રહસ્યભરી ને નવીનતાવાળી નહિ એવી અંદરની દુનિયા–પોતાના દિલની દુનિયા છે, ને તેની માહિતી પણ મેળવવા જેવી છે, એ વાત માણસે નિરંતર યાદ રાખવી જોઇએ. એ યાદ રાખવામાં તેનું શ્રેય સમાયેલું છે અથવા તો એ યાદી તથા શ્રેયનું સરસ સાધન થઇ શકે તેમ છે એ નક્કી.

આવો ત્યારે, મન ને ઇન્દ્રિયોના એવા સંયમને માટે આપણે મહેનત કરીએ, ને એ મહેનતમાં વત્તેઓછે અંશે સફળતા મેળવીને જીવનને ઉજ્જ્વળ ને ધન્ય કરીએ. જીવન થોડું ને કરવાનું કામ ઘણું મોટું છે. માટે આવો, આજથી ને અત્યારથી જ આપણે એ કાર્યનો આરંભ કરીએ.

યોગેશ્વરજી

# * જાતને જીત્યા વિના શાન્તિ ન મળે. *

સાધના અથવા અભ્યાસ લાંબા વખત લગી એકધારા કરતા રહેવાની જરૂર છે. લાંબા વખતના અભ્યાસથી મનમાં એક પ્રકારના અનુકૂળ સંસ્કારો પેદા થાય છે ને મોટાભાગના અંતરાય દૂર થાય છે. લાંબા વખત લગી અભ્યાસ કરવાનો અર્થ એવો નથી થતો કે દર વરસે અમુક દિવસે અભ્યાસ કરવો ને એવો અભ્યાસ વરસો સુધી કરવો. લાંબા વખતનો અભ્યાસ સતત હોવો જોઈએ, છેવટે તે પળે પળે ને શ્વાસોશ્વાસે થયા કરે ત્યારે ખરું. એવી લાંબા વખતની સતત સાધના મનની રુચિ કે દિલની ખરી લગની વિના થવી મુશ્કેલ છે. માટે જ હરિનો મારગ શૂરાનો કહ્યો છે. મનોબળ વિનાના કાયર પુરુષોનું તેમાં કામ નથી એ સાચું છે. સાધારણ સંગ્રામમાં જોઈતા શૂરાતન કરતાં એમાં વધારે ને સાચા શૂરાતનની જરૂરત પડે છે. કેમ કે એમાં કોઈ બીજાની સામે નહિ પણ પોતાની જાત સામે જ ટક્કર ઝીલવી પડે છે, પોતાની પ્રકૃતિ સામે લડવું પડે છે. પોતાની અંદરની અપૂર્ણતા ને મલિનતા સામે મોરચો માંડવો પડે છે. ને એ કામ ધાર્યા જેટલું સહેલું નથી. સંગ્રામને જીતનારા, જંગલી જનાવરોને જેર કરનારા, સમુદ્રને નાથનારા ને અવકાશમાં ઊડવાની શક્તિવાળાં પણ એ કામમાં પાછા પડે છે. ને પંગુ સાબિત થાય છે. આખી દુનિયાને જીતનારો માણસ પોતાની જાતને ના જીતે ત્યાંસુધી તેને શાંતિ નથી મળતી.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.